વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-

# ઘનશ્યામ

૧૦ મે, ૨૦૨૩
● વર્ષ : ૪૮ ● અંક : ૦૫

HDH BAPJI
PRAGATYOTSAV

૯૧મા પ્રાગટ્ય પર્વે
વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીના
દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...






(૧–૪) ઇસનપુર તથા સ્વા. ધામ ખાતે અનુક્રમે પધરામણી (૩–૪) રાજકોટ ખાતે ઝોનલ વિચરણ (૫–૬) નરોડા અને ઘનશ્યામનગર ખાતે યુવા સંમેલન તથા કિશોર સભા (૭) ઊંઝા ખાતે જાહેર સત્સંગ સભા (૮) ગુરુકુલ ડેમાં બાળમુક્તોને વ્હાલા ગુરુજીનો દિવ્ય લાભ




# ઘનશ્યામ

૧૦ મે, ૨૦૨૩ ● વર્ષ : ૪૮ ● અંક : ૦૫


સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ 'ઘનશ્યામ' સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.


પ્રકાશક : સાધુ ભક્તવત્સલદાસ
મુદ્રક : સાધુ પૂર્ણસ્વરૂપદાસ
માલિક : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)
મુદ્રણ : વાઈબ્રન્ટ ઈમેજ, અમદાવાદ
તંત્રી : નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી
સહતંત્રી : સાધુ રાજીપાસ્વરૂપદાસ
સંપાદક : સાધુ નિર્ગુણજીવનદાસ
લેખનકાર્ય : લેખકવૃંદ

**પત્રવ્યવહાર માટેનું સરનામું :**
ઘનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ, કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર-૭ Visit : www.smvs.org I Email : magazine@in.smvs.org

કુલ પેજ : ૩૨ + ૪ ટાઈટલ = ૩૬


## અનુક્રમણિકા...


૦૪ દિવ્યવાણી

૦૬ વચનામૃત સાર (લોયા : ૨, ભાગ-૩)

૦૮ આગવું હેત

૧૧ સાચું કરવાની દલીલ

૧૪ ગુરુદેવ પ.પૂ. બાપજીનો ૯૧મો પ્રાગટ્યોત્સવ


---


# GHANSHYAM


10 May, 2023 • Year : 48 • Edition : 05


**આદ્ય સ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક**
**અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી (ગુરુદેવ પ.પૂ. બાપજી)**
**પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી**
**(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)**

**'GTPL-ભક્તિ' ચેનલ નં - ૫૫૧ ઉપર દરરોજ સવારે અને રાત્રે ૮:૩૦થી ૯:૦૦ તથા દર એકાદશી તેમજ પૂનમના સમૈયામાં રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ મળશે.**

**ઘરે બેઠા ઑનલાઇન ઘનશ્યામ મેળવવા માટે આપનું નામ, સેન્ટર તથા વૉટ્સઍપ નંબર આજે જ વૉટ્સઍપ કરો :**

**૯૪૦૮૩૨૦૦૩૬**



# દિવ્યવાણી

**(તા. ૧૮-૩-૨૦૨૩ની ગુરુજીની સંકલ્પ સભામાંથી સંકલિત)**

વચનામૃત એ સર્વે શાસ્ત્રોનો સાર છે. વચનામૃત દ્વારા મહારાજની મૂર્તિમાં કેવી રીતે તદ્રૂપ-તદ્‌લીન થવાય ? કેવી રીતે સદાય સુખિયા રહેવાય ? તેની રાજાચાવી ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી ગઢડા પ્રથમના ૧લા વચનામૃતના ‘કઠણમાં કઠણ સાધન શું ?’ તે પ્રશ્નના વિવરણ દ્વારા શીખવી રહ્યા છે.

વચનામૃતના પ્રારંભે મહારાજે સભા ધ્યાન કરાવ્યું છે. સભા પૂર્વે દેહભાવ ભૂલી મૂર્તિરૂપ થઈએ એ સભા ધ્યાન કહેવાય. મહારાજની મૂર્તિને ધારવી, નિહાળવી અને પછી તે મૂર્તિને પ્રતિલોમ કરતાં કરતાં મૂર્તિરૂપ થવાય ત્યારે જ મહારાજની વાત ઝીલવા માટેના પાત્ર થઈ શકાય. પુરુષોત્તમરૂપ પાત્ર થવાય ત્યારે જ મહારાજની વાત ઝિલાય.

પુરુષોત્તમરૂપ પાત્ર થવાય એ માટે જ મહારાજે દિવસ દરમ્યાનનાં સર્વે આહ્નિક તથા સાધનો આપ્યાં છે. તે સાધન માત્ર યંત્રવત્ ન રહેતાં સાધ્યરૂપ થવાં જોઈએ; એ આપણી કારણ સત્સંગીની રીત છે. સવારે ઊઠતાંની સાથે દિવસનો પ્રારંભ પ્રાર્થનાથી થવો જોઈએ. ઊઠતાંની સાથે મોબાઇલ જોવો એ જગતના જીવની રીત છે. જ્યારે પ્રાર્થના કરવી અને મહારાજમાં જોડાવું એ કારણ સત્સંગીની કહેતાં આપણી રીત છે. સવારે ઊઠતાંની સાથે જ પ્રાર્થના કેવી રીતે કરવી ?

હે મહારાજ, હે કૃપાસિંધુ, હે ગરીબનિવાજ, હે અમારું ઠરવાનું ઠામ, સુખનું ધામ ! આપે કેવળ કૃપા કરી અમને મૂર્તિમાં જ રાખ્યા છે તો દિવસ દરમ્યાન અખંડ મૂર્તિમાં જ રહેવાય એવી દયા કરો. દેહના ભાવો અડી ન જાય, નડી ન જાય. અહમ્-મમત્વનો ત્યાગ કરીને અખંડ વર્તી શકાય એવી દયા કરો.

હે મહારાજ, દિવસ દરમ્યાનની સર્વે ક્રિયાના કર્તા આપ જ બની રહેજો. મને પોતાના કર્તાપણાનો સહેજ પણ ભાવ ન ઊઠે, અકર્તાપણે ક્રિયા કરી શકું. બસ, સદા આપ જ કર્તા બની રહો એવી દયા કરો.

હે નાથ, કોઈના અભાવ-અવગુણ ન આવે, સૌના ગુણ લઈ શકું, સૌનો દાસ થઈને વર્તી શકું એવી દયા કરો.

હે નાથ, જે હેતુ માટે આપ લાવ્યા છો એ કરી શકું. પૈસા, સંપત્તિ, નામના કમાવવી એના માટે મારો જન્મ નથી. રંગરાગ, ભોગવિલાસી જીવન એ મારો લક્ષ્ય નથી. હું પંચવિષયનો ભોક્તા નથી. હું તો મહારસનો પીનારો છું. એનું નિરંતર અનુસંધાન વર્તે એવી દયા કરો. દેહધારીના સંગમાં રહેવા છતાં એનો સંગ ન અડે, દેહના ભાવોમાં આવી ન જવાય તે થકી રક્ષા કરજો. આ દેહ તે મારું સ્વરૂપ નથી. ‘અહમ્ પુરુષોત્તમ રૂપોસ્મિ’ આવું નિરંતર વર્તે એવી દયા કરો, એવી કૃપા કરો નાથ.



સાધન સાધ્ય સ્વરૂપ સુધી પહોંચવાનું માધ્યમ છે.

"પહેલી ને છેલ્લી એ જ અરજ છે,
મૂર્તિના સુખની એક ગરજ છે;
જાણી બિરદ તવ પૂરી પાડનારા,
જય ઘનશ્યામ જય જય કરનારા."

આવી રીતે આપણે જેવી જરૂર હોય એવી પ્રાર્થના કરવી પણ દિવસની શરૂઆત તો પ્રાર્થનાથી જ કરવી.

ત્યારબાદ સ્નાન-શૌચાદિક ક્રિયામાં પણ એક ક્ષણ મહારાજ ન ભુલાય એનો સતત ખટકો રાખવો. અત્યાર સુધીની દેહરૂપ થઈ ક્રિયા કરવાની આદતને બદલીને મૂર્તિરૂપ થઈ ક્રિયા થાય એવી સતત પ્રૅક્ટિસ કરવી. ગઢડા પ્રથમના ૧લા વચનામૃતમાં મહારાજ આપણને આ કરાવવા માગે છે. મહારાજ જ હસ્ત ધુએ છે, સ્નાન કરે છે. મહારાજ જ વસ્ત્ર ધારણ કરે છે. આવી રીતે દરેક ક્રિયા મૂર્તિરૂપ થઈને થાય એ સૂક્ષ્મ ભક્તિ, એ જ સાધ્ય ભક્તિ. આ ભક્તિ બહાર ન દેખાવા છતાં કારણ ભક્તિ છે. જે સમજણ અને જ્ઞાન સોતી કરવાની છે.

નિત્યપૂજા અને મંગળા આરતી એ મહારાજના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવાનું અને વિશેષપણે મહારાજમાં જોડાવાનું પ્રથમ સાધન છે. તો એ સાધન મૂર્તિમાં રહેવારૂપ થવું જોઈએ. એ સાધન સાધ્ય સ્વરૂપ સુધી પહોંચવું જોઈએ. મંગળા આરતીનો એક એક શબ્દ મહારાજ સુધી પહોંચવો જોઈએ. આરતીમાં એક એક અંગનું વર્ણન આવે એમ એમ અનુલોમભાવે કે પ્રતિલોમભાવે મહારાજમાં જોડાવા પ્રયત્ન કરવો. ગાફલાઈમાં આરતી દરમ્યાન મન મનનો ધર્મ બજાવતું હોય, ક્યાંના ક્યાંય વિચારે ચડી જવાય. બહારવૃત્તિના વિચારોમાં મહારાજની સ્મૃતિ પણ ન રહે એવું ન થઈ જાય તેનો ખૂબ ખટકો રાખવો. અને જો એવો ખટકો ન રહે અને ગાફલાઈમાં આરતી-પૂજા થાય તો તે નફા વગરના વકરા જેવું કહેવાય. કરોડ રૂપિયાનું ટર્નઓવર પણ ૦ (ઝિરો) રૂપિયાના નફા જેવું કહેવાય. માટે આરતી અને પૂજામાં પ્રથમ મહારાજના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવાનું લક્ષ રાખવું. પછી અનુલોમ ધારતાં ધારતાં પ્રતિલોમપણે ધારવાનું લક્ષ રાખવું. આરતી બોલતાં પ્રતિલોમભાવ આવી જાય તો સોનામાં સુગંધ ભળી જાય. મહારાજના અંગોઅંગને પ્રતિલોમપણે ધારતાં ધારતાં દિવ્યભાવમાં ડૂબતા જવું. દેહના સ્થાને મહારાજ બિરાજી ગયા છે. સામે પણ તેજોમય મહારાજ બિરાજ્યા છે. મહારાજનું જ મુખ છે, મહારાજની જ નાસિકા છે, મહારાજના જ હસ્ત છે, મહારાજના હસ્તની જ રેખાઓ છે. સામે અને અહીં એકમેક કરી નાખવું. રસબસભાવે અતિ સ્નેહે મહારાજ સાથે જોડાતા જવું.

અરીસામાં જે રૂપ જોઈએ તે ખોટું છે. તેનાથી દેહભાવ વધુ દૃઢ થાય. માટે તેને ખોટું કરતા જવું. મંગળા આરતીમાં શ્યામ કોણી, ઉદરમાં ત્રિવળી, શ્યામ કટિ આ બધા શબ્દો મૂર્તિને વિષેથી પ્રતિમાભાવ ટળાવી પ્રગટભાવ અને પ્રતિલોમભાવ કેળવાય તે માટે છે. માટે એવો પ્રગટભાવ કેળવી આરતી કરતાં અંતરમાં ટાઢું ટાઢું થઈ જાય. ત્યારપછી "હવે મારા વ્હાલાનાં દર્શન સારુ, હરિજન આવે હજારે હજારું." એ પદ બોલાય છે.

મંગળા આરતી એ સાંગ ધ્યાન છે. જ્યારે આ પદ લીલા ધ્યાન છે. અક્ષરધામના અધિપતિ પૂર્ણ પુરુષોત્તમ સહજાનંદ સ્વામી ઢોલિયા ઉપર બિરાજ્યા છે અને દેશ દેશના હરિભક્તો દર્શને આવી રહ્યા છે. મહારાજ સૌનું જાણવા છતાં સૌની ઉપર રાજીપો વરસાવી રહ્યા છે. આ પદ ગાતાં ગાતાં એવો અહોભાવ કેળવવો.


તારાની વચ્ચે ચંદ્રમા શોભે છે તેમ મુક્તોના મંડળની વચ્ચે મહારાજ શોભે છે. સભામાં બેઠા હોઈએ ત્યારે, આરતીમાં બેઠા હોઈએ ત્યારે એમ ધારવું મહારાજ મુક્તોના સાજ મધ્યે બેઠા છે. સૌને સુખિયા કરવા માટે અક્ષરધામના અધિપતિ સ્વયં મહારાજ આ બ્રહ્માંડને વિષે પધાર્યા અને એ આપણને મળી ગયા. એટલું જ નહિ, પ્રતિલોમપણે મળી ગયા એટલે આપણી જન્મોજન્મની ખામી ભાંગી ગઈ. એવા અહોભાવમાં, આનંદમાં રાચવું. પદ બોલતાં બોલતાં મોજમાં આવી જવું.

આવી રીતે કોઈ પણ કીર્તન બોલીએ, સાધન કરીએ પણ એમાં મહારાજનો સંબંધ કેળવી ભર્યા થવું એ સાધનનું ફળ છે. જયનાદ પણ એવા અહોભાવથી બોલવો. 'સહજાનંદ સ્વામી મહારાજની જય' બોલતી વખતે સહજાનંદ સ્વામીની મૂર્તિને પ્રતિલોમપણે ધારી એમનો જય જય થઈ રહ્યો છે અને માયાનો ક્ષય થઈ રહ્યો છે એવો ભાવ કેળવવો. સાથે અહોભાવ અને પૂર્ણકામપણામાં રાચવું.

માટે હવેથી જ્યારે જ્યારે આરતી બોલીએ કે કોઈ કીર્તન બોલીએ, કોઈ સાધન કરીએ તે છેક મૂર્તિ સુધી પહોંચી જાય એવી જ રીતે કરવું. ત્યારે આપણી સાધનાની સમાપ્તિ થશે. તેથી આજથી સમગ્ર સમાજને આ રીતે સાધન કરવાની આજ્ઞા છે. જેના દ્વારા આપણા સાધનમાં improvement (સુધારો) કરવાનો આગ્રહ રાખવો.

આવાં સાધનો કરવામાં જ્યાં જ્યાં આપણી પોલ, કસર રહેતી હોય એને ટાળીએ અને ગુરુજીના સંકલ્પને અધ્ધરથી ઝીલી એમનો રાજીપો કમાઈએ.

**ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવી એ પ્રથમ ચરણ છે.**



# વચનામૃત સાર

## લોયા : ૨ (ભાગ-૩)

લોયાના બીજા વચનામૃત પર શ્રીજીમહારાજ આપણને સૌને લાભ આપી રહ્યા છે. વચનામૃતનો આગળ લાભ લઈએ તે પૂર્વે અગાઉના બે લેખમાં શ્રીજીમહારાજે આપેલ લાભને તાજો કરી લઈએ.

શ્રીજીમહારાજ આ વચનામૃતમાં એક પ્રશ્ન દ્વારા અધ્યાત્મ માર્ગની બહુ મહત્ત્વની વાત કરી રહ્યા છે. જે સમગ્ર સંપ્રદાય માટે બહુ જરૂરી છે. શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો છે કે, "આ સત્સંગમાં હરિભક્તને ક્યારે મૃત્યુનો ભય ટળી જાય ? અને દેહ છતે જ પોતાનું કલ્યાણ મનાઈ જાય ?" આ પ્રશ્નના આધારે અગાઉના લેખમાં આપણે કલ્યાણની વાસ્તવિક વિભાવના સમજ્યા હતા. કલ્યાણ કોઈ સ્થાનવાચક કે વ્યક્તિવાચક શબ્દ નથી. કલ્યાણનું સ્વરૂપ શ્રીજીમહારાજ છે. માટે શ્રીજીમહારાજના સ્વરૂપની પ્રાપ્તિ થાય એ જ કલ્યાણ છે. જ્યારે જેને શ્રીજીમહારાજના સ્વરૂપની જેમ છે તેમ દૃઢતા થાય ત્યારે તેનું કલ્યાણ થશે એમ નહિ, એનું કલ્યાણ થઈ રહ્યું છે. આ એક જ દેહ છતે કલ્યાણ પામવાનો ઉપાય છે.

આગળ શ્રીજીમહારાજે સ્વયં એ પ્રશ્નનો અદ્ભુત ઉત્તર આપ્યો છે. મહારાજે ચાર પ્રકારના ભક્તો બતાવ્યા છે જેને મૃત્યુનો ભય નાશ પામે છે અને કૃતાર્થપણું મનાય છે. (૧) વિશ્વાસી, (૨) જ્ઞાની, (૩) શૂરવીર, (૪) પ્રીતિવાળો. એક વખત શ્રીજીમહારાજના સ્વરૂપની નિષ્ઠા થયા પછી ગમે તેવા દેશ, કાળ, ક્રિયા, સંગમાં પણ ફરે નહિ, નિશ્ચયમાં અનિશ્ચયનો ઘાટ થાય નહિ એને વિશ્વાસી કહેવાય. વિશ્વાસી ભક્તના લક્ષણોની વિગતે વાત આપણે ગત લેખમાં કરી હતી. હવે જ્ઞાની તથા શૂરવીર ભક્તને કઈ રીતે મૃત્યુનો ભય ટળી જાય છે તે જોઈશું.

**વચનામૃત : અને જ્ઞાનીને તો આત્મજ્ઞાનનું બળ હોય તે એમ માને જે, હું તો બ્રહ્મ સ્વરૂપ એવો ભગવાનનો ભક્ત છું માટે એને પણ મૃત્યુનો ભય હોય નહીં.**

**વિશ્લેષણ** : સૌપ્રથમ જ્ઞાન કોને કહેવાય તે સમજીએ. જ્ઞાન એ માત્ર જાણકારીવાચક શબ્દ નથી. વાચ્યાર્થ જ્ઞાનીની કોઈ કિંમત નથી. વાચ્યાર્થ જ્ઞાન ભારરૂપ છે. એમાંથી સાત્ત્વિક અહંકાર આવે છે. જે જીવાત્માને શુષ્ક કરી નાખે છે. શ્રીજીમહારાજે અહીં લક્ષ્યાર્થ જ્ઞાનની વાત કરી છે. જે જ્ઞાન અજ્ઞાનને ટાળે એ જ ખરું જ્ઞાન. અધ્યાત્મ માર્ગના મૂળભૂત બે



જે અજ્ઞાનને ટાળે એ જ ખરું જ્ઞાન.

તત્ત્વો છે : આત્મા અને પરમાત્મા. આ બંનેના સાચા સ્વરૂપની ઓળખાણ થાય અને તેની દઢતા થાય એ જ ખરો જ્ઞાની. અને એને જ મૃત્યુનો ભય ટળે.

પરમાત્માના સ્વરૂપની ઓળખાણ શું ? તો અનંતકોટિ બ્રહ્માંડમાં સનાતન પરમાત્મા એક જ છે. અને એ છે સ્વામિનારાયણ ભગવાન. એમનું સનાતનપણું, સર્વોપરીપણું, અન્વય-વ્યતિરેકપણું, સગુણ-નિર્ગુણપણું સમજતો હોય. એટલું જ નહિ, સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ અને સર્વ કર્તા-હર્તા આદિ સર્વે અંગે સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપને ઓળખીને દઢ કરે ત્યારે પરમાત્માનું જ્ઞાન થયું કહેવાય.

મુમુક્ષુ ભગવાનના સ્વરૂપને જેમ છે તેમ સર્વે પ્રકારે ઓળખે પણ પોતાના સ્વરૂપને જાણતો ન હોય તોપણ અધૂરું જ કહેવાય. બાપ કરોડપતિ હોય ને દીકરો રોડપતિ રહે તો બાપનું બોળ્યું જ કહેવાય ને ! એમ આવા સર્વોપરી ભગવાન મળ્યા પછી આપણે કંગાલ રહીએ તે કેમ ચાલે ! માટે ભગવાનના સ્વરૂપની સાથે સાથે પોતાના (આત્માના) સ્વરૂપની દઢતા કરવી ફરજિયાત છે.

આત્માના (પોતાના) સ્વરૂપનું જ્ઞાન શું ? તો આ પંચભૂતનો દેખાતો દેહ તે હું નહીં. હું તેનાથી તદ્દન નોખો, તદ્દન જુદો એવો શુદ્ધ આત્મા છું. અને જ્યારથી આ સ્વામિનારાયણ ભગવાન અને એમના દિવ્ય સત્પુરુષ મને મળ્યા ત્યારથી મને અનાદિમુક્ત કરીને મૂર્તિમાં રાખી જ લીધો છે. અને મહારાજ દેહને ઉડાડી દેહના સ્થાને આવીને બિરાજમાન થઈ જ ગયા છે. મને આ જ મૂર્તિમાં (પ્રતિલોમભાવે) રાખી લીધો છે. આ સમજણનું નિરુત્થાનપણું થાય ત્યારે પોતાના સ્વરૂપનું જ્ઞાન દઢ થયું કહેવાય.

આમ, જ્ઞાનીને ભગવાનના સ્વરૂપનું અને પોતાના સ્વરૂપનું એમ બેયનું બળ હોય. આથી તેને મૃત્યુનો ભય ટળી જાય છે. કારણ કે દેહ જ નથી તો મરવાનું કેવું ? એ તો જ્ઞાને કરીને મરી જ ગયેલો છે. ગઢડા પ્રથમ પ્રકરણના ૫૬મા વચનામૃતમાં શ્રીજીમહારાજે આવા જ્ઞાનીને જ શ્રેષ્ઠ કહ્યો છે.

હવે શૂરવીર હોય તેને કઈ રીતે મૃત્યુનો ભય ટળી જાય છે તે જોઈએ. સૌપ્રથમ શ્રીજીમહારાજે વચનામૃતમાં લખેલાં વચનો જોઈશું. પછી તેને વિગતે સમજીશું.

**વચનામૃત : અને શૂરવીર હોય તે થકી તો ઇન્દ્રિયો તથા અંતઃકરણ એ સર્વે થરથર કંપતાં રહે અને બીજા કોઈથી પણ ડરે નહિ માટે એને કોઈ રીતે પરમેશ્વરની આજ્ઞામાં ભંગ થાય નહિ, માટે પોતાને કૃતાર્થપણું માને અને મૃત્યુનો ત્રાસ તેના મનમાં લેશમાત્ર પણ હોય નહીં.**

**વિશ્લેષણ :** શ્રીજીમહારાજ અહીં નિયમના બળની વાત કરે છે. જે ભક્તનું શૂરવીરપણાનું અંગ હોય તે કોઈ પણ રીતે ગમે તેવા સંજોગોમાં પણ શ્રીજીમહારાજની આજ્ઞાનો ભંગ થવા દે નહીં. બીજા તો એના નિયમની દઢતાને ન લોપાવી શકે પણ એનાં ઇન્દ્રિયો-અંતઃકરણ પણ એનાથી થરથર કાંપતાં રહે એટલે આજ્ઞા વિરુદ્ધની ક્રિયા તો દૂર, સંકલ્પ પણ ન કરે. આથી તેના અંતરમાં એવો વિચાર વર્તે કે, મેં જીવનમાં એક પણ આજ્ઞા (નિયમ) લોપી નથી. માટે શ્રીજીમહારાજના આશીર્વાદ પ્રમાણે મારા કલ્યાણમાં કોઈ સંશય નથી. નિશ્ચે મારું કલ્યાણ થઈ જ ગયું છે.

આમાં મુખ્ય સમજવાની વાત એ છે કે શૂરવીર ભક્તને નિશ્ચય વિના ચાલે એવું નથી. એને પણ નિશ્ચય તો જોઈએ જ. પરંતુ એને નિયમનું અતિશે બળ વર્તે છે આથી તેને શૂરવીર કહ્યો છે. વચનામૃતમાં જ કહ્યું કે, 'શૂરવીર ભક્ત પોતાને કૃતાર્થ માને.' એનો સ્પષ્ટ અર્થ થયો કે એને નિશ્ચય તો છે જ કારણ કે નિશ્ચય વગર કૃતાર્થપણું આવે જ નહીં. હવે પ્રીતિવાળાને કેવી રીતે મૃત્યુનો ભય ટળી જાય તે આવતા લેખમાં જોઈશું. (ક્રમશઃ)

## સંસ્થાનું ગૌરવ વધારનાર મુક્તને અભિનંદન

**સંજયકુમાર મનજીભાઈ સાકરિયા – નરોડા**



સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી તથા ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના આશીર્વાદથી નરોડા સેન્ટરના હરિભક્ત સંજયકુમાર એમ. સાકરિયાએ ફેબ્રુઆરી-૨૦૨૩માં બી.કે. સ્કૂલ ઑફ પ્રૉફેશનલ એન્ડ મૅનેજમૅન્ટ સ્ટડીઝ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ તરફથી 'ફાઈનાન્સ મૅનેજમૅન્ટ' વિષયમાં 'Evaluation of financial inclusion strategies and financial literacy level in Gujarat state'માં સંશોધન સરવે હાથ ધરી સફળતાપૂર્વક પીએચ.ડી. પૂર્ણ કરી સંસ્થાનું ગૌરવ વધારેલ છે. અભિનંદન સાથે ગુરુજીએ આશીર્વાદ આપ્યા છે કે તેઓ એમની કારકિર્દીમાં ઉત્તરોત્તર ઝળહળતી સફળતા પ્રાપ્ત કરતા રહે.

નિશ્ચયના પાયા પર કૃતાર્થપણાની ઇમારત ચણાય છે.



# આગવું હેત

ફૂલોમાં સુવાસ હોય છે, જ્યારે સંબંધોમાં મીઠાશ હોય છે.

દુનિયાભરમાં સૌથી ઘનિષ્ઠ સંબંધ મા-દીકરાનો છે.

જેની કોઈ ઉપમા નથી એનું નામ છે મા. જેનું હૃદય માખણથી પણ વધુ કોમળ છે એનું નામ છે મા.

જેના વાત્સલ્યની કોઈ સીમા હોતી નથી એનું નામ છે મા.

માતા બાળકને જન્મ આપી સતત ચિંતા રાખી તેને ઉછેરે છે. મા-દીકરાનો સંબંધ સૌથી ઘનિષ્ઠ હોવા છતાં લૌકિક છે કારણ કે તે સંબંધ એકાદ જન્મ પૂરતો સીમિત છે. જ્યારે સત્પુરુષરૂપી મા કે જે આપણા દેહની સાથે ચૈતન્યની પણ પળે પળે ચિંતા રાખે છે. એમની સાથેનો આપણો સંબંધ અલૌકિક છે; અનાદિકાળનો છે.

અધ્યાત્મ જનની એવા દિવ્ય સત્પુરુષ એટલે જ આપણા વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી.

ગુરુજીનું નિઃસ્વાર્થ અને સ્નેહાળ વાત્સલ્ય તેઓની નિકટ આવનાર સૌ કોઈના હૃદયને સ્પર્શી જાય છે. આવો, આ લેખ દ્વારા ગુરુજીના અપાર માતૃવાત્સલ્યને પિછાનીએ, અનુભવીએ અને દીકરા તરીકે આપણે ગુરુજી સાથે કેવી આગવી પ્રીતિના નાતે જોડાવું જોઈએ તેની દિશા મેળવીએ.

રોજના ક્રમ મુજબ રાત્રિના સમયે કીર્તનભક્તિ, ચેષ્ટા શરૂ થઈ. ગુરુજી પણ ચેષ્ટામાં પધાર્યા.

"પ્રથમ શ્રીહરિને રે, ચરણે શીશ નમાવું..."

"સ્વામી, આપ કેમ પ્રદક્ષિણા કરી રહ્યા છો ? હમણાં જ હૉસ્પિટલમાંથી રજા મળી છે. આપને શરીરે અશક્તિ હશે. માટે હમણાં ચેષ્ટામાં પ્રદક્ષિણા નહિ ફરવાની." ચેષ્ટા કરતાં કરતાં પ્રદક્ષિણા ફરતાં પાછળ વળીને ગુરુજીએ એક સંતને કહ્યું.

'ગુરુજી ક્યારેય ચેષ્ટામાં પાછળ ફરી જોતા જ નથી એવો મારો વર્ષોનો અનુભવ છે. હું સંતોની વચ્ચે ચાલતો હતો. પરંતુ અંતર્યામી સ્વરૂપથી શું છૂપું રહે ! આજે પોતાના દીકરાની ચિંતા કરતાં ગુરુજીએ પોતાની રોજિંદી રીત બદલી !! પાછળ ફરી મારી સામે જોઈ મને પ્રદક્ષિણા ન ફરવા આજ્ઞા કરી. ગુરુજી અમ દીકરા સમ સંતોની કેવી કાળજી રાખે છે !' એમ વિચાર કરતા સંત ગુરુજીના માતૃવાત્સલ્ય સ્નેહમાં ડૂબી ગયા.

"સ્વામી, લો આ ખુરશી પર બેસો. હમણાં આપે ચાલવું નહીં."

'ઓહોહો... જે ગુરુજીના વચને લાખો હરિભક્તો કરોડોની સેવા કરવા તત્પર છે. જે ગુરુજીની સેવા કરવા અમ સૌ સંતો-હરિભક્તો તલસીએ છીએ એવા વ્હાલા અમારા જનની સમા ગુરુજીએ કોઈને રૂમમાંથી ખુરશી લાવવા આજ્ઞા ન કરી. પરંતુ જાતે રૂમમાં જઈ મુજ નાના સંત માટે ખુરશી લઈ આવ્યા. પોતાની અવરભાવની મોટાઈ સામે ન જોતાં કેવળ પોતાના માતૃત્વનું બિરદ સાર્થક કર્યું.

એટલું જ નહિ, બે દિવસ પહેલાં હૉસ્પિટલમાંથી રજા મળતાં હું મેડિકલ રૂમમાં આરામ કરતો હતો. બપોરે જમાડવાના સમયે ગુરુજી ઠાકોરજી જમાડવા પધારી રહ્યા હતા અને સમાચાર મળ્યા કે, 'સ્વામીને હૉસ્પિટલમાંથી રજા મળી ગઈ છે.' તો સવારનું કશું ગ્રહણ ન કર્યું હોવા છતાં ગુરુજી જમાડવાનું છોડી પહેલાં મને મળવા પધાર્યા. મારી ખબર પૂછી અને 'મારા વ્હાલા દીકરાને માથું દુખતું હશે' એમ વચનો ઉચ્ચારી મારું માથું દબાવવાની સેવા કરવા લાગ્યા. ઘણી ના કહેવા છતાં ગુરુજીએ સેવા ચાલુ જ રાખી. ગુરુજીએ આજ સુધી ક્યારેય અમને સંતોને પોતાના મસ્તક કે ચરણની સેવા આપી નથી પરંતુ તેઓનું લાગણીસભર હૈયું મુજ નાના સંતનો દુખાવો સહન ન કરી શક્યું.

હું જ્યારે હૉસ્પિટલમાં હતો ત્યારે તો રોજ વિડિયો કૉલ કરી મારી ખબર પૂછતા. સત્સંગની સેવામાં અતિશે વ્યસ્ત હોવા છતાં એક દિવસ પણ મને ભૂલ્યા નથી. એમનો આ જતન કરવાનો સ્નેહાળ સ્વભાવ એ એમનો માતૃપ્રેમ નહિ તો બીજું શું ? મને મળેલો ગુરુજીનો આ અપાર પ્રેમ હું ક્યારેય નહિ ભૂલી શકું.'

• • •

''જય સ્વામિનારાયણ, મમ્મી.''

''હા બોલ બેટા ઉત્સવ.''

''મમ્મી, હું કેનેડાથી ઇન્ડિયા આવી રહ્યો છું. ઘેર આવી નાહી-ધોઈ પૂજા કરી સીધો વાસણા ઘનશ્યામ મહારાજ, વ્હાલા ગુરુદેવ અને ગુરુજીનાં દર્શન માટે જવાનો છું. થોડા અલંકાર ખરીદી રાખજો. મહારાજને અર્પણ કરવા છે.''

''ભલે બેટા, તારી રાહ જોઉં છું.''

''મમ્મી, મેં વાત કરી હતી તે પ્રમાણે અલંકાર લાવ્યા છો ને !''

''હા બેટા.''

''લાવો, હવે હું વાસણા જઉં છું.''

''પણ બેટા, તું લાંબી મુસાફરી કરીને થાકી ગયો હોઈશ, ભૂખ્યો છે. થોડો નાસ્તો કરીને જા.''

''ના મમ્મી, પહેલાં મહારાજ અને ગુરુજીનાં દર્શન.''

(ઘાટલોડિયાથી સીધા વાસણા ઘનશ્યામ મહારાજનાં દર્શન કરી ઉત્સવ ગુરુજીનાં દર્શન કરવા સ્વામિનારાયણ ધામ જાય છે.)

''ઓહોહો, ઉત્સવ મહારાજ, તમે અહીં ઇન્ડિયા ! જય સ્વામિનારાયણ.''

''જય સ્વામિનારાયણ, દયાળુ રાજી રહેજો.''

''સંતો, આ ઉત્સવ મહારાજ એરપોર્ટ પરથી ઘરે જઈ નાહી-ધોઈ, પૂજા કરી સીધા અહીં દર્શને આવ્યા છે. એમને પહેલાં કાંઈક અલ્પાહાર (નાસ્તો) કરાવો.''

'અરે ! ગુરુજીને કેવી રીતે ખબર પડી કે હું નાસ્તો કર્યા વગર સીધો સ્વામિનારાયણ ધામ આવ્યો છું ? આ વાતની તો માત્ર મમ્મીને જ ખબર હતી ! વાહ ગુરુજી ! અંતર્યામીપણે પોતાના બાળકની કેવી ચિંતા રાખો છો ?'

એક 'મા'ની જેમ ગુરુજીએ ઉત્સવની જમાડવાની ચિંતા રાખી કિશોરમુક્તની સાચી 'મા' તરીકેનું દર્શન કરાવ્યું.

• • •

આ તો થયું ગુરુજીનાં માતૃવાત્સલ્યનું દર્શન !!

આ તો થઈ એક તરફી વાત !!

શું આપણે આપણી સાચી 'મા'ના દીકરા બનીને રહીએ છીએ ખરા ?

ગુરુજી સાથે મા-દીકરા જેવું હેત કરવામાં આપણી ક્યાં કસર રહી જાય છે ? ચાલો, જરા આંતરખોજ કરીએ.

ગણિતના પેપરમાં વિદ્યાર્થીથી એક જ અંક ખોટો મુકાઈ ગયો. પરિણામે એક જ માર્ક ઓછો આવ્યો. ઓછા આવેલા એક માર્કે એના પરીક્ષાના પરિણામની ટકાવારી ઘટાડી દીધી. ઘટી ગયેલી ટકાવારીના કારણે સારી કૉલેજમાં ઍડમિશન મળતાં મળતાં રહી ગયું. નબળી કૉલેજમાં થયેલા એના અભ્યાસે એની સંભવિત ઉજ્જ્વળ કારકિર્દી પર લાલ લીટી મારી દીધી. જિંદગીભર એના મનમાં આ ડંખ રહી જ ગયો કે, 'કાશ મેં એક અંકની ભૂલ ન કરી હોત તો..?'

આવું જ આપણા કેસમાં બન્યું છે.

શ્રીજીમહારાજના વખતથી આપણને અનાદિમુક્તની

પદવી આપી પોતાના દીકરા તરીકેનું સ્થાન તો મહારાજ અને મોટાએ આપી જ દીધું હતું ! એ વખતે અગણિત રાજીપાનાં સાધનો કર્યાં હશે, કથાવાર્તા દ્વારા અખૂટ જ્ઞાનનો ભંડાર ભેગો કર્યો હશે. સત્સંગની તમામ સાધના કરી પરંતુ એક અંક ખોટો મુકાઈ ગયો. જેણે આપણા જન્મમરણના ફેરા ઊભા કરી દીધા ! કરવાની હતી મોટાપુરુષ સાથે પ્રીતિ અને આપણે પ્રીત કરી દેહ અને દેહના સંબંધીમાં.

છતાં અપાર કરુણા વહાવી આ દિવ્ય ગુરુજીએ.

ફરી પોતાના નિકટના સાંનિધ્યમાં લાવ્યા.

મારા વ્હાલીડા દીકરા કહીને બોલાવ્યા.

આ જન્મે ફરી chance (તક) આપ્યો...

મુકાઈ ગયેલા ખોટા અંકને સુધારવાનો...

દેહ ને દેહના સંબંધીમાંથી પ્રીતિ તોડી મોટાપુરુષ સાથે પ્રીતિ કરવાનો...

દીકરા બની ગુરુજી સાથે આગવી પ્રીતિના નાતે જોડાવાનો...

દીકરા તરીકેની હવે આપણી ફરજ શું ??? આવો, આપણી પ્રીતિને પ્રગટાવીએ પ્રગટેલા દીવાઓ દ્વારા...

• • •

"હલ્લો ગુરુજી, દયાળુ જય સ્વામિનારાયણ."

"જય સ્વામિનારાયણ, હરિવદન મહારાજ !"

"ગુરુજી, આપનો મંદવાડ મને આપી દો; આપ સ્વસ્થ થઈ જાવ. મારાથી આપનો મંદવાડ સહન થતો નથી."

"હરિવદન મહારાજ, રડશો નહીં. અમને સારું જ છે. અમે તો મૂર્તિમાં જ છીએ."

"ગુરુજી, આપ તો અનંતને સુખિયા કરવા પધાર્યા છો. આપને જે કાંઈ ચિંતા, ભીડો હોય તે બધી ચિંતા, ભીડો મને આપી દો પણ આપ સાજા થઈ જાવ. સ્વામી, આપ મારું આયુષ્ય લઈ લો પણ આપ સ્વસ્થ થઈ જાવ."

ધોરણ-૮ માં અભ્યાસ કરી રહેલા બાળમુક્ત હરિવદનના મુખેથી ઉચ્ચારાયેલા ઉપરોક્ત વચનોમાં ગુરુજી પ્રત્યેની પ્રીતિનું દર્શન થઈ રહ્યું છે. 'મા'નો મંદવાડ બાળક માટે ખૂબ અસહ્ય હોય એમ હરિવદન માટે ગુરુજીનો મંદવાડ અસહ્ય બની રહ્યો હતો.

• • •

"દયાળુ, આ AYP કેમ્પને કેન્સલ કર્યો છે. આપની મંદવાડ લીલા ગંભીર થતી જાય છે."

"ના સંતો, હરિભક્તોને તારીખ અપાઈ ગઈ છે. બધાએ નોકરીમાંથી રજા લઈ રાખી હશે. પછી રજા મળવી અઘરી પડે. પછી કેમ્પ રાખીએ તો તેઓ હાજરી ન આપી શકે. માટે કેમ્પ ચાલુ રાખો."

"ના દયાળુ, આપ આવા સંજોગોમાં કેવી રીતે પધારી શકશો ? માટે કેમ્પ કેન્સલ કર્યો છે. આપ ચિંતા ન કરશો. હરિભક્તો સેટિંગ કરશે. જુઓ આ એક કિશોરમુક્તનો પત્ર આવ્યો છે."

"સ્વામી, કેમ્પ કેન્સલ કર્યા બદલ આપ કોઈ ખેદ ન અનુભવશો. કેમ્પ ફરી થશે ત્યારે અમે બધા જરૂરથી આવીશું. કદાચ નોકરીમાં રજા નહિ મળે તો નોકરી છોડી દઈશું. પરંતુ આપ હાલ આપની અવરભાવની તબિયત સાચવશો."

મા તરીકે ગુરુજીએ દીકરાઓના વ્યવહારની ચિંતા રાખી જ્યારે સામે કિશોરે દીકરા તરીકે ગુરુજીના સ્વાસ્થ્યની ચિંતા દાખવી અને સાથે સાથે વ્યવહારનું ગૌણપણું પણ દાખવ્યું. શું સમય આવ્યે આપણે વ્યવહારને ગૌણ કરી ગુરુજીની, ગુરુજીના સ્વાસ્થ્યની, ગુરુજીની મરજી, રુચિ, વચનની કાળજી રાખી શકીએ છીએ ?

જો ગુરુજી સાથે મા-દીકરા જેવી પ્રીતિ કરીશું તો તેઓ આપણને એમની પાંખમાં બેસાડી મૂર્તિના સુખમાં પહોંચાડી દેશે. સ્વતપાસ કરી પાછા વળી ગુરુજી સાથે આગવી પ્રીતિના નાતે જોડાઈ તેમના અંતરનો રાજીપો કમાઈએ.

**Check your self**

**શું આપણને ગુરુજી સાથે આવી આગવી પ્રીતિ છે ?**

**શું આપણે ગુરુજીના મંદવાડના સમાચાર સાંભળી ચિંતિત બનીએ છીએ ?**

**આવો, દૃઢ સંકલ્પ કરીએ ગુરુજીના સ્વાસ્થ્ય માટે રોજ મહારાજને પ્રાર્થના કરી એમની સાથે મા–દીકરા જેવી પ્રીતિ કરવા તરફ પ્રયાણ કરીએ.**



# સાચું કરવાની દલીલ

સત્સંગી યુવક વિરેનભાઈ ગુરુજીએ કરેલ આજ્ઞા મુજબ પોતાના ઘરના સભ્યો સાથે ગાર્ડનમાં ફૅમિલિ ટાઇમ કરી રહ્યા હતા. ફૅમિલિ ટાઇમમાં વર્તમાનકાળે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી દ્વારા પ્રામાણિકતા વિષય પર જે આગ્રહ જણાવવામાં આવે છે તેના પર ચર્ચા ચાલી રહી હતી. તેવામાં વિરેનભાઈના દીકરા હરિકૃષ્ણભાઈ બોલ્યા, “હું ગઈ કાલે કૌશિક અંકલના ઘરે ગયો હતો ત્યારે આન્ટીએ મને એક પ્રસંગ કહ્યો હતો જે સાંભળીને હું તો અવાચક જ બની ગયો કે આજના સમયમાં આવું થવું શક્ય છે?

આપણી એસ.એમ.વી.એસ. સંસ્થાના એક સેન્ટરના કિશોરીમુક્ત અમદાવાદની એક કંપનીમાં ટ્રેનિંગ લઈ રહ્યાં હતાં. તેમને સ્ટાઇપેન્ડ તરીકે પાંચ હજાર રૂપિયા પણ અપાતા. તેઓ નવેમ્બર, ૨૦૨૦માં કંપનીમાં ટ્રેનિંગ માટે જોડાયાં. ડિસેમ્બર, ૨૦૨૦ની પાંચમી તારીખે તેમના બૅંકખાતામાં સ્ટાઇપેન્ડ જમા થઈ ગયું. પરંતુ ડિસેમ્બર, ૨૦૨૦માં મહારાજની ઇચ્છાથી એ દીકરીને કોરોના થયો તેથી તેઓ જૉબ પર જઈ શક્યાં નહિ અને ૧૫ દિવસ કૉરેન્ટાઇન રહેવું પડ્યું. વળી, એ પછી તરત જ તેઓની બહેનનાં લગ્ન હોવાથી બીજા દસ દિવસ કંપનીમાંથી રજા માગી. આમ, ડિસેમ્બર, ૨૦૨૦માં પાંચ દિવસ જ કંપનીમાં કામ કર્યું.

જાન્યુઆરી, ૨૦૨૧ની પાંચમી તારીખે તેઓના મોબાઇલમાં બૅંકમાંથી એક મૅસેજ આવ્યો. જેમાં એમણે જોયું તો કંપનીએ તેમનું ડિસેમ્બર મહિનાનું પૂરેપૂરું સ્ટાઇપેન્ડ જમા કરી દીધું હતું. બીજા કોઈ હોય તો રાજી થાય. એમાંય કોરોનાને કારણે તેમના ઘરમાં બીજી ઇન્કમ બંધ હતી. તેથી પાંચ હજાર રૂપિયા કેવા ગળ્યા લાગે !! પણ આ કિશોરીની રગેરગમાં ગુરુજી દ્વારા આપેલા પ્રામાણિકતાના સિદ્ધાંતો પ્રવર્તતા હતા. તેથી કિશોરીએ પોતાના મૅનેજર સાહેબને વાત કરી કે, “સાહેબ, ખરેખર ડિસેમ્બર મહિનામાં મેં પાંચ દિવસ જ કામ કર્યું છે જ્યારે મારા ખાતામાં પૂરું સ્ટાઇપેન્ડ જમા થયું છે; માટે મારું સ્ટાઇપેન્ડ કાપી નાખો. મેં પાંચ દિવસ જ કામ કર્યું છે માટે મારાથી પાંચ દિવસનું સ્ટાઇપેન્ડ જ લેવાય. બીજો અણહક્કનો પૈસો મારે ન ખપે.”

તેઓના મૅનેજર સાહેબ આશ્ચર્ય પામતાં બોલ્યા, “દીકરી,

તું પૈસા રાખી લે, મોજ કર ને ! ભલે તેં પાંચ દિવસ કામ કર્યું પણ કંપની પૂરું સ્ટાઈપેન્ડ આપે તો તને વાંધો શું છે?''

''ના સાહેબ, આ અણહક્કનો પૈસો કહેવાય. મારે આ સ્ટાઈપેન્ડ ન જોઈએ. જો આપનાથી એ શક્ય ન હોય તો હું આપણા મૅડમને વાત કરું.'' સાહેબે કહ્યું, ''ભલે, તું મૅડમને વાત કર.'' પછી તો દીકરીએ તે કંપનીના માલિક જે મૅડમ હતાં તેમને વાત કરી. તે સાંભળી મૅડમ પણ ખૂબ રાજી થયાં અને કહ્યું, ''બેટા, તને કોરોના થયો હતો તેથી કોરોનાને કારણે કંપનીમાં કામ પર ન આવનાર કોઈ ઍમ્પ્લોયીનો પગાર કે સ્ટાઈપેન્ડ કંપનીએ કાપ્યું નથી; તો તારું કેવી રીતે કાપીએ ?!''

ત્યારે દીકરી બોલી, ''પણ મૅડમ, ૧૫ દિવસ કોરોના અને ૫ દિવસ કામના એમ ૨૦ દિવસનું સ્ટાઈપેન્ડ મળે એ ઠીક વાત છે પણ ૧૦ દિવસ તો મારા પોતાના કામ માટે જ કંપનીમાં નહોતી આવી માટે એટલા તો કાપી જ નાખવા પડશે.''

દીકરીની પ્રામાણિકતા જોઈ મૅડમ બોલ્યાં, ''બેટા, આટલા વર્ષોમાં અણહક્કનો પગાર કે સ્ટાઈપેન્ડ લઈને જલસા કરતા ઘણાને જોયા છે પણ તું પહેલી દીકરી છો કે આવેલા સ્ટાઈપેન્ડને પાછું ઠેલવા તૈયાર થઈ. જો બેટા, તારી પ્રામાણિકતા જોઈ હું ખૂબ ખુશ થઈ છું માટે ૧૦ દિવસનું સ્ટાઈપેન્ડ તું સ્ટાઈપેન્ડ તરીકે નહિ, ભેટ તરીકે સ્વીકારી લે બસ.''

ત્યારે દીકરી બોલી, ''ના મૅડમ, એ મારા પરસેવાનો પૈસો નથી તો એ મારાથી કેવી રીતે લેવાય ? એમાંય હું સ્વામિનારાયણ ભગવાનની આશ્રિત છું. મહારાજે શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે કે, 'કોઈ અણહક્કની રકમ આપે તોય ન લેવી.' માટે હું નહિ લઉં. એટલું જ નહિ, હું એસ.એમ.વી.એસ સંસ્થાની કિશોરી સભાની સભ્ય છું. ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની શિષ્યા છું. અમારા ગુરુએ અમને સત્સંગ સભાઓ દ્વારા બાળપણથી જ નીતિમત્તાના પાઠ શીખવ્યા છે.''

ત્યારે મૅડમે આગ્રહભરી વિનંતી કરી, ''બેટા, હું તને મારા તરફથી ભેટ આપું છું; કંપની તરફથી નહીં. બસ, હવે તો અણહક્કનો પૈસો નહિ કહેવાય ને !?''

આવા છે આપણી એસ.એમ.વી.એસ. સંસ્થાના ઝળહળતા સિતારા...''

ત્યારે વિરેનભાઈ રાજી થકા બોલ્યા, ''શ્રીજીમહારાજ અને મોટાપુરુષની દયાથી આપણી એસ.એમ.વી.એસ. સંસ્થામાં આવા કેટલાય હરિભક્તો છે જે આવા હળાહળ કળિયુગમાં ભ્રષ્ટાચારથી સંપૂર્ણ અળગા રહી શકે છે.''

ત્યાં વિરેનભાઈના ભાઈ વિપુલભાઈ બોલ્યા, ''મહારાજની દયાથી આપણા પરિવારમાં પણ સૌ મુક્તો નીતિમત્તાને જ વરેલા છે. જુઓને, આપણા ઘરમાં કોઈનો અણહક્કનો પૈસો આવતો નથી અને ચોખ્ખો ધર્માદો પણ નીકળે છે. એટલે જ તો આપણે સુખી છીએ.''

ત્યારે વિરેનભાઈના પિતાશ્રી મોહનભાઈ બોલ્યા, ''તમારી બધી વાત બરાબર પણ અપ્રામાણિકતા વિષય બહુ ઝીણો અને ગહન છે. ઉપલક દૃષ્ટિએ તો આપણને એવું જ લાગે કે આપણે આપણા જીવનમાં કદી ખોટું કરતા જ નથી પરંતુ આપણા રોજબરોજના જીવનમાં કેવી નાની નાની બાબતોમાં ખોટું બોલી ખોટું આચરતા હોઈએ છીએ !! તેનો ખ્યાલ કદી કરતા જ નથી.

હા, કદાચ આપણે શિક્ષાપત્રીના સંદર્ભે પ્રામાણિકતાને આચરતા હોઈશું પરંતુ આપણા વ્હાલા ગુરુદેવ અને ગુરુજીનો આપણી પાસે કેવો આગ્રહ છે ?! તે તમને એક પ્રસંગ દ્વારા જણાવું.

એક વખત ગુરુદેવ પ.પૂ. બાપજી પંચમહાલના એક સેન્ટરમાં પધરામણીએ પધાર્યા. ત્યારે એક હરિભક્ત આગળના ઘરે જઈને ગુરુદેવ પ.પૂ. બાપજી પધારે તે પૂર્વે આરતી તૈયાર કરી દે.

ત્રણ-ચાર ઘરમાં આ રીતે જોઈ ગુરુદેવ પ.પૂ. બાપજીએ સહસા જ કહ્યું, 'ભગત, તમે ખરા ખટકાવાળા છો. બધા ઘરે તમે અમે આવીએ ત્યારે આરતી પ્રગટાવી રાખો છો. તો તમને માચીસ મળી જાય છે?'

ત્યારે હરિભક્ત બોલ્યા જે, 'બાપજી, બધાના ઘરે માચીસ તૈયાર જ હોય એવું ન હોય. આ તો આપની પહેલી પધરામણી હતી તે ઘરે માચીસ હતી તે લઈ લીધી તો તે જ માચીસ બધી જગ્યાએ કામ લાગે છે.'

ત્યારે ગુરુદેવ પ.પૂ. બાપજીએ પૂછ્યું, 'તમે જેમના ઘરેથી માચીસ લીધી તેમને પૂછ્યું હતું ?'



વ્યવહારિક તમામ ક્રિયાનો પાયો સત્યતા છે.

'ના દયાળુ, એમાં શું પૂછવાનું હોય ? આપણા ઘરના જ હરિભક્ત હતા.'

તરત ગુરુદેવ પ.પૂ. બાપજીએ કહ્યું, 'જાવ, એ હરિભક્તના ઘરે જાવ અને તેમની માફી માગી આવો અથવા તેમને માચીસ પેટે પૈસા આપી આવો. આવી રીતે કોઈને પૂછ્યા વગર માચીસ પણ ન લેવાય. આપણું ચોરી વર્તમાન લોપાય.'

આમ, ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી આપણી પાસે કેવી અપેક્ષા રાખે છે ?!"

ત્યારે વિરેનભાઈએ કહ્યું, "પપ્પા, આપની વાત સાવ સાચી છે. આપણે નાની નાની બાબતોમાં ખોટું કરતા હોઈશું ને ખોટું બોલતા હોઈશું. જો એમાં સુધારો થઈ જાય તો આપણી પર મહારાજ ને ગુરુજી કેટલા રાજી થઈ જાય !

ત્યારે મોહનભાઈ બોલ્યા, "સૌથી પહેલાં આપણે ક્યાં ક્યાં નાની નાની બાબતોમાં ખોટું બોલતા હોઈએ ને ખોટું કરતા હોઈએ છીએ તે તપાસીએ."

એમ કહી ફૅમિલિ ટાઈમમાં લાભ લેનાર સભ્યોએ સ્વજીવનને ચકાસી નીચે આપેલ મુદ્દા નોંધ્યા હતા. જે આપણને પણ ખોટું બોલતા અને ખોટું કરતા અટકાવશે :

**૧. કોઈ વ્યક્તિ રૂમમાં પ્રવેશે ત્યારે મારી ફોન પરની વાત બદલાઈ જાય છે.**
**૨. મારો ફોન કોઈ જોવા માગે તો હું કૉલ હિસ્ટ્રી ડિલીટ કરી નાખું છું.**
**૩. ઘરમાં કે ઑફિસમાં કોઈ હાજર ન હોય ત્યારે કોઈકના કબાટ, ખાના જોઉં છું.**
**૪. કોઈને પૂછ્યા વિના વસ્તુ લઉં છું અને વાપરું છું.**
**૫. મારાથી કંઈક નુકસાન થયું હોય તો હું છુપાવું છું.**
**૬. ઑફિસમાં ઘરનાં કે બીજાં કામો કરું છું.**
**૭. ઑફિસનો ફોન ઘર માટે વાપરું છું.**
**૮. મને મળેલી જવાબદારીમાંથી હું છટકબારી શોધું છું.**
**૯. થયેલી ભૂલનો સ્વીકાર નથી કરતો; ઉપરથી છુપાવવા પ્રયત્ન કરું છું.**

## સ્ટાફ શિબિર





તા. ૨૨-૩-૨૦૨૩ના રોજ વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય સાંનિધ્યમાં સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે સ્ટાફમુક્તો માટે શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કીર્તનભક્તિ બાદ સેશનની શરૂઆતમાં પ્રાસંગિક પ્રવચનમાં પૂ. નિર્લેપસ્વામીએ તથા પૂ. રાજીપાસ્વામીએ લાભ આપ્યો હતો. ત્યારબાદ પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજીનું આગમન થયું હતું. વ્હાલા ગુરુજીની આજ્ઞાનુસાર ગુણાનુવાદ કાર્યક્રમ યોજાયો હતો. આ દરમ્યાન ગુરુજીએ પણ સૌને ગુણ લેવા અંગે પ્રેરણા કરી હતી.

શિબિરમાં વ્હાલા ગુરુજીએ 'સાચા અર્થમાં ઘરધણી બનીએ' વિષય ઉપર બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી સૌને સુખિયા કર્યા હતા. અંતે પૂ. નિર્લેપસ્વામીએ વિવિધ યોજનાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

આમ, વ્હાલા ગુરુજીનાં દર્શન-આશીર્વાદ તથા સાંનિધ્યના સંસ્મરણોનો લાભ સ્ટાફમુક્તોએ લીધો હતો.



# ગુરુદેવ પ.પૂ. બાપજીનો ૯૧મો પ્રાગટ્યોત્સવ

ફાગણ વદ એકમનો શુભ દિન એટલે આપણા સૌના વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીનો પ્રાગટ્ય દિવસ. તા. ૮-૩-૨૦૨૩ના રોજ સાંજે ૪થી ૮ દરમ્યાન સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે ઊજવાયેલ ૯૧મા પ્રાગટ્યોત્સવ પર્વે હજારો મુમુક્ષુ હરિભક્તોએ એકત્ર થઈ તેમના ઋણાનુબંધમાંથી મુક્ત થવાના ભાવ સાથે ગુરુદેવ પ.પૂ. બાપજીના ચરણે કિંચિત્ પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આવો ત્યારે, એક-દિવસીય ગુરુદેવ પ.પૂ. બાપજીના ૯૧મા પ્રાગટ્યોત્સવની દૃશ્ય-શબ્દીય સ્મૃતિઓની અલ્પ ઝાંખી મેળવીએ.





### અનાદિમુક્ત પીઠિકા દર્શન

૯૧મા પ્રાગટ્યોત્સવના પ્રારંભે સૌપ્રથમ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી સર્વે પૂ. સંતો સાથે ગુરુદેવ પ.પૂ. બાપજીનાં દર્શન માટે અનાદિમુક્ત પીઠિકા ખાતે પધાર્યા હતા. ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ સમગ્ર સંતમંડળ સહિત દંડવત, પ્રદક્ષિણા, ધૂન અને પ્રાર્થના કરી આજના દિને ગુરુદેવ પ.પૂ. બાપજીના ચરણે ગુરુવંદના અર્પી હતી.

### ફૂલદોલોત્સવ

પ્રાગટ્યોત્સવ અન્વયે સંતો-ભક્તોને મૂર્તિરંગથી રંગવા ગુરુજીએ રંગોત્સવનો લાભ આપ્યો હતો. ગુરુજીએ સૌપ્રથમ હરિકૃષ્ણ મહારાજ તથા ગુરુદેવ પ.પૂ. બાપજીને રંગથી તેમજ સ્નેહની પિચકારી લઈને રંગ્યા હતા. ત્યારબાદ પ્રથમ સંસ્થાના સંતો-પાર્ષદમુક્તોને તથા હરિભક્તોને ફૂલદોલોત્સવનો લાભ આપ્યો હતો. આ ઉત્સવ નિમિત્તે ગુરુજીએ ‘મહાબળવંત માયા તમારી...’ પ્રાર્થના કરાવી હતી. આશીર્વાદાત્મક પ્રાર્થના કરાવતાં ગુરુજીએ કહ્યું, **“હે મહારાજ, હે બાપા, તમે જે સારંગપુરમાં ફગવા આપ્યા હતા તેવા ફગવા અમને આપો. વળી, આપ જે સંકલ્પ લઈ આવ્યા છો તે સંકલ્પમાં અમને ભેળા ભેળવજો એવી કૃપા કરજો...”**

### પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે ગુરુજીનું આગમન

આજના દિને સર્વે હરિભક્તોને સુખિયા કરવા માટે વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી હરિકૃષ્ણ મહારાજ સંગે રથ ઉપર બિરાજમાન થઈ સર્વે ભક્તોને દર્શન આપતા થકા દિવ્યદૃષ્ટિ રેલાવી સ્ટેજ તરફ પધારી રહ્યા હતા. રથ આગળ કિશોરમુક્તો





નૃત્ય કરી, પુષ્પવર્ષા કરી ગુરુજીના આગમનને વધાવી રહ્યા હતા. વળી, સ્ટેજ પરથી પણ કિશોરમુક્તો 'પધારો મારે ઘેર...' સ્વાગત ગીત ઉપર નૃત્ય કરી ભાવાંજલિ અર્પી રહ્યા હતા. સભામંડપમાં બિરાજિત સર્વે હરિભક્તો હાથમાં એસ.એમ.વી.એસ.ની વિજયપતાકાઓ ઊંચા હાથે લહેરાવતા થકા હરિકૃષ્ણ મહારાજ તથા ગુરુજીના આગમનને વધાવી રહ્યા હતા. વ્હાલા ગુરુજી સ્ટેજ ઉપર પધાર્યા અને સર્વે સમાજને 'જય સ્વામિનારાયણ' પાઠવ્યા ત્યારે સભામંડપ 'જય સ્વામિનારાયણ'ના જયઘોષ સાથે તાળીઓના નાદથી ગુંજી ઊઠ્યો હતો.

### ગુરુપૂજન

હરિકૃષ્ણ મહારાજ સંગે મુખ્ય સભામંચ પર બિરાજમાન થયા બાદ વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ આજના દિને સમગ્ર સત્સંગ સમાજ વતી દિવ્યભાવે ગુરુદેવ પ.પૂ. બાપજીનું ચંદન તથા ફૂલહાર વડે પૂજન કર્યા બાદ ગુરુદેવ પ.પૂ. બાપજીના ચરણસ્પર્શ કરી દર્શન કર્યાં હતાં. ત્યારબાદ સંસ્થાના વરિષ્ઠ પૂ. સંતોએ ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનું વિશિષ્ટ હારથી પૂજન કર્યું હતું. આ ઉપરાંત આજના દિને વિવિધ ઝોનમાંથી પધારેલા પૂ. સંતો, મોટેરા હરિભક્તો, સંસ્થાના સમર્પિત સેવકો દ્વારા ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુજીનું વિશિષ્ટ હાર અર્પણ કરીને પૂજન















કરવામાં આવ્યું હતું. પૂજન વિધિ બાદ ગુરુજીએ સર્વેને નિકટ બોલાવી રાજીપાદર્શનનો લાભ આપી ધન્ય કર્યા હતા.

### ગુરુદેવ પ.પૂ. બાપજીના અનંત ઉપકારોની ગાથા


ગુરુદેવ પ.પૂ. બાપજીના ૯૧મા પ્રાગટ્યોત્સવ અન્વયે ગુરુદેવ પ.પૂ. બાપજીએ જે જે ઉપકારો કર્યા છે એની ગાથા પૂ. વરિષ્ઠ સંતો દ્વારા પ્રસ્તુત કરવામાં આવી હતી. જેમાં **પ્રથમ, દેશ–વિદેશમાં ૧૫૦ જેટલા સ્વામિનારાયણ ભગવાનની શુદ્ધ ઉપાસનાના મંદિરોનાં નિર્માણ કરી નિષ્ઠાવાન હરિભક્ત સમાજનું સર્જન કરવારૂપી ઉપકાર, દ્વિતીય ઉપકાર, હરિભક્ત સમાજની સંભાળ લીધી અને તૃતીય ઉપકાર, ગુરુદેવ પ.પૂ. બાપજીએ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની અણમોલ ભેટ આપી.** આ ત્રણ ઉપકારગાથા સંસ્થાના પૂ. વરિષ્ઠ સંતો પૂ. નિર્ગુણસ્વામી, પૂ. દિવ્યસ્વામી તેમજ પૂ. મૂર્તિસ્વામીએ પ્રવચન, ટેલિફિલ્મ અને પ્રિ-રેકોર્ડેડ વિડિયો દ્વારા રજૂ કરી હતી. વળી, ગુરુદેવ પ.પૂ. બાપજીની અમૃતવાર્તાની સ્મૃતિ કરતી વિડિયો ક્લિપ, ગુરુદેવ પ.પૂ. બાપજીએ વેઠેલા અપાર કષ્ટોની ગાથા, તેમજ ગુરુદેવ પ.પૂ. બાપજીનો ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી પરના રાજીપાદર્શનનો વિડિયો અને ગુરુદેવ પ.પૂ. બાપજીની પ્રાગટ્યગાથાનો વિડિયો આ પ્રાગટ્યોત્સવનું કેન્દ્રબિંદુ બની રહ્યું હતું. આમ, ગુરુદેવ પ.પૂ. બાપજીની ઉપકારગાથા એટલે કરુણાગાથા. ગુરુદેવ પ.પૂ. બાપજીએ એસ.એમ.વી.એસ. સમાજ ઉપર કરેલી કરુણાથી સંત સમાજ અને હરિભક્ત સમાજ મહિમાસભર થયો હતો.













### ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની સુધાવાણી

વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ દિવ્યવાણીના પ્રારંભે સૌને નિમગ્ન કરી ગુરુદેવ પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી લાભ આપતાં જણાવ્યું હતું કે, "આપણે આપણને મળેલા મોટાપુરુષના ખરા વારસદાર બનવાનું છે. મળેલા દિવ્યપુરુષને ઓળખીને તેમના જેવા કલ્યાણકારી ગુણોનો વારસો આપણે જાળવવાનો છે. અને એ જ ખરા અર્થમાં પ્રાગટ્યોત્સવની ઉજવણી કરી કહેવાય." ત્યારબાદ વ્હાલા ગુરુજીએ ગુરુદેવ પ.પૂ. બાપજીએ સત્સંગ સમાજની લીધેલી સંભાળ દર્શાવતા પ્રસંગો રજૂ કરીને ઉપસ્થિત સભાગણને કૃતકૃત્ય કર્યો હતો.

ત્યારબાદ ગુરુજીએ સમગ્ર સત્સંગ સમાજને ઉદ્‌બોધિત કરતાં જણાવ્યું હતું કે, "આ દિવ્યપુરુષ એવા છે કે 'પોતે દુઃખો ઘણાં વેઠી, જીવોને સુખ આપ્યાં છે.' એક બાળમુક્તને નાનપણથી ડાયાબિટીસ હતો. ગુરુદેવ પ.પૂ. બાપજીએ આજીવન એનો ડાયાબિટીસ લઈને એને નવજીવન આપ્યું અને પોતે મંદવાડ ગ્રહી લીધો. અહીં બેઠેલા હજારો હરિભક્તો એ વાતના સાક્ષી છે. આમ, એ દિવ્યપુરુષે આપણા પર અનહદ કરુણા વરસાવી છે."

અંતે, સમગ્ર સત્સંગ સમાજ વતી ગુરુદેવ પ.પૂ. બાપજીને ક્ષમાયાચના રૂપે પ્રાર્થના કરી હતી કે, "હે વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજી, અમારાથી આપ ક્યારેક દુભાઈ-દુખાઈ ગયા હોવ કે ઓશિયાળા થઈ ગયા હોવ તેમજ અમારાથી ક્યાંક આપની આજ્ઞામાં-અનુવૃત્તિમાં રહી ન શકાયું હોય તો હે ગુરુદેવ ! અમને સહુને માફ કરજો. છોરું કછોરું થાય પણ માવતર કમાવતર ન થાય. આપ અમારા આ લોક ને પરલોકનાં માવતર છો. આપ દિલના દરિયાવ છો. આપે અખંડ મૂર્તિમાં રાખવાના કોલ આપ્યા છે એને બિરુદ જાણી પાળજો."

### ભવ્ય સ્પિરિચ્યુઅલ સેન્ટરનો ઉદ્‌ઘોષ

શ્રીજીમહારાજ અને બાપાશ્રીની અનાદિમુક્તની સ્થિતિના પ્રવર્તનનો ભવ્ય અને પ્રચંડ સંકલ્પ છે અને એ માટે જ ગુરુદેવ પ.પૂ. બાપજી અને વ્હાલા ગુરુજીનું પ્રાગટ્ય છે. આ પ્રાગટ્ય પર્વે વ્હાલા ગુરુજીએ આશીર્વાદ આપ્યો, "બાપાશ્રી આ બ્રહ્માંડમાં બે સંકલ્પ લઈને પધાર્યા. સર્વોપરી ઉપાસનાનું પ્રવર્તન કરી અનંતને અનાદિની સ્થિતિ પમાડવી. એ ન્યાયે મહારાજના, બાપાના અને ગુરુદેવના સંકલ્પથી ભવ્ય સ્પિરિચ્યુઅલ સેન્ટરની ૪૦૦ વીઘા જમીન સંપાદિત થઈ ચૂકી છે. અહીંથી અનંત અનાદિમુક્તો તૈયાર થવાના છે. આજે ગુરુદેવ પ.પૂ. બાપજીના પડછંદા યાદ આવે છે. બાપા કહેતા, હજુ તો ૫૦૦ ૫૦૦ એકરના સંકુલો તૈયાર થશે. એ આશીર્વાદ આજે ફળી રહ્યા છે. આ તો હજુ પ્રસ્તાવના લખાય છે. હજુ તો ભવિષ્યમાં વિદેશમાં પણ આવા ભવ્ય સંકુલો તૈયાર થશે અને અનાદિમુક્તની સ્થિતિના પ્રવર્તનનો જય જયકાર થશે."

### અતિથિ વિશેષ

ગુજરાત રાજ્યકક્ષાના મંત્રી શ્રી મૂળુભાઈ બેરા તેમજ





ગાંધીનગરના મેયર શ્રી હિતેષભાઈ મકવાણા અને સ્ટૅન્ડિંગ કમિટીના ચૅરમૅન શ્રી જશવંતભાઈ પટેલ ૯૧મા પ્રાગટ્યોત્સવે સંસ્થાના આમંત્રણને માન આપી પધાર્યા હતા. તેઓ ગુરુદેવ પ.પૂ. બાપજીનાં દર્શન તેમજ વ્હાલા ગુરુજીના આશીર્વાદ તથા કૃપાશાલ અને પ્રસાદ પામી ધન્ય થયા હતા.

**એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ હૉસ્પિટલનો ચતુર્થ વાર્ષિક દિન**

ગુરુદેવ પ.પૂ. બાપજીના પ્રાગટ્ય દિને ગાંધીનગર સ્થિત એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ હૉસ્પિટલને ચાર વર્ષ પૂર્ણ થતાં હરિકૃષ્ણ મહારાજ સાથે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી હૉસ્પિટલ ખાતે પધાર્યા હતા. ત્યારબાદ તેમણે હૉસ્પિટલમાં આરતી દર્શન તેમજ આશીર્વાદનો લાભ આપ્યો હતો તેમજ ગુરુદેવ પ.પૂ. બાપજીના હૉસ્પિટલ નિમિત્તના સંકલ્પો પણ ઉપસ્થિત મુક્તોને યાદ કરાવ્યા હતા.

વળી, પ્રાગટ્યોત્સવ પ્રોગ્રામ વખતે **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલને ચાર વર્ષ પૂર્ણ થયા બદલ સેવાકીય મહાયજ્ઞની ગાથા પૂ. નિર્લેપસ્વામી દ્વારા વર્ણવવામાં આવી હતી. આ પ્રસંગે તેઓએ સંસ્થા દ્વારા ચાલતી વિવિધ સેવાઓથી સમાજને માહિતગાર કર્યો હતો.

અત્યાર સુધી પ્રાયમરી લેવલે હૉસ્પિટલ દ્વારા સેકન્ડરી કેરની સેવાઓનો લાભ આપવામાં આવતો હતો. પરંતુ સમય જતા વ્હાલા ગુરુજીની આજ્ઞાથી હૉસ્પિટલમાં યુરોલૉજી, નેફ્રોલૉજી, ગૅસ્ટ્રોલૉજી તેમજ કાર્ડિયોલૉજિ જેવી સુપર સ્પેશ્યાલિટી સેવાઓનો લાભ શરૂ કરવામાં આવેલ છે. વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીના પ્રાગટ્ય દિને એટલે કે આજના દિને હૉસ્પિટલ દ્વારા તમામ પ્રકારની કાર્ડિયાક સર્જરીની સેવાઓનો પ્રારંભ કરવામાં આવી રહ્યો છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન સંસ્થા દ્વારા આરોગ્ય ક્ષેત્રે આર્થિક રીતે જરૂરિયાત મંદ જણાતા પરિવારોને કુલ ૭૯ લાખ રૂપિયાની નિધિ અર્પણ કરવામાં આવી હતી. ઉપરાંત સંસ્થા દ્વારા ચાલતી સામાજિક પ્રવૃત્તિઓના ભાગ રૂપે શૈક્ષણિક ક્ષેત્રે વર્ષ ૨૦૨૦થી સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે ગર્લ્સ ગુરુકુલ તદ્દન નિઃશુલ્ક ચલાવવામાં આવે છે. તેમજ ગોધર ખાતે બાળકોનું ગુરુકુલ (બોયઝ્ ગુરુકુલ) પણ નિઃશુલ્ક ચાલી રહ્યું છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ૧ કરોડ ને ૬ લાખ રૂપિયાની આર્થિક શિક્ષણ સહાય આપવામાં આવી હતી. સંસ્થાનું સર્જન થયું ત્યારથી લઈને અત્યાર સુધી સેવામાં ભોગ આપનાર ઘરધણીમુક્તને પ્રસાદી રૂપે ૫૧ લાખની કરૂણા પ્રસાદ જાહેર કરવામાં આવ્યો.

**ગુરુદેવ પ.પૂ. બાપજીના દિવ્ય આશીર્વાદ**

૯૧મા પ્રાગટ્યોત્સવ પર્વે ગુરુદેવ પ.પૂ. બાપજીના દિવ્ય આશીર્વાદનો લાભ વિડિયો ક્લિપ દ્વારા મળ્યો હતો કે, “શ્રીજીમહારાજની આપણા પર અનહદ કૃપા છે. આ આખો આપનો પરિવાર છે. દેશ-વિદેશમાં વસતા સર્વે હરિભક્તોને એમની ભૂલો માફ કરીને છેક મહાપથારી સુધી આપ સાચવજો. આપની મૂર્તિના સુખના અખંડ ભોક્તા કરી, અનાદિમુક્તની સ્થિતિ કરાવજો.”

**બ્લડ ડોનેશન કૅમ્પ**

૯૧મા પ્રાગટ્યોત્સવ પર્વે જન સમાજની સ્વાસ્થ્ય ક્ષેત્રે સેવા કરવાના ઉમદા હેતુથી બ્લડ ડોનેશન કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કૅમ્પમાં ૭૬૦થી વધારે પૂ. સંતો, સાધકો તથા સત્સંગી હરિભક્તોએ બ્લડ ડોનેટ કર્યું હતું. આ પ્રસંગે ગુરુજીએ આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે, **“આ પ્રાગટ્યોત્સવ પર્વે જે બ્લડ એકત્ર કરવામાં આવ્યું છે તે જેને જેને આપવામાં આવે તે સર્વે આ જન્મે કારણ સત્સંગી થઈ મૂર્તિસુખના ભોક્તા બને તેવી પ્રાર્થના.”**

**સેવા-સમર્પણગાથા**

આ એક-દિવસીય પ્રાગટ્યોત્સવ સેવા-સમર્પણનો હતો. આબાલવૃદ્ધ સ્ત્રી-પુરુષ સૌ કોઈ ભેગા મળીને કુલ ૧૦૦૦થી પણ વધુ સ્વયંસેવકો આ સેવાયજ્ઞમાં સેવા અને સમર્પણના સાચા ભાવથી અહોનિશ મંડ્યાં હતાં.

આમ, ૯૧મા પ્રાગટ્યોત્સવ પર્વે પ્રત્યક્ષ ૧૯,૯૨૫થી વધુ તથા ઑનલાઈન ૨૧,૯૬૬થી વધુ ભક્તોએ લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

# ડો. આનંદ ટાંક

**MBBS, MS,FIAGES**

**કન્સલ્ટન્ટ જનરલ, લેપ્રોસ્કોપિક & ગેસ્ટ્રો સર્જન**

**ઓ.પી.ડી. સમય : સોમથી શનિ, ૧૦:૦૦થી ૫:૩૦**



- **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલમાં ડૉ. આનંદ ટાંક જનરલ, લેપ્રોસ્કોપિક & ગૅસ્ટ્રો સર્જન તરીકે છેલ્લા ૩ વર્ષથી ફુલ ટાઈમ સેવા આપે છે.
- ડૉ. આનંદ ટાંક જનરલ, લેપ્રોસ્કોપિક & ગૅસ્ટ્રો સર્જરીના ઑપરેશનમાં ૧૩ વર્ષનો બહોળો અનુભવ ધરાવે છે.
- **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલમાં ઍપેન્ડિક્સ, પિત્તાશયની પથરી, હર્નિયાનાં (સારણગાંઠનાં) ઑપરેશન લેસર અને દૂરબીનની મદદથી અત્યંત ઓછા ખર્ચે કરવામાં આવે છે.
- દરેક પ્રકારની જનરલ સર્જરી જેવી કે હરસ, મસા, ભગંદર, રસોળી, ડાયાબેટિક ફૂટ વગેરે નજીવા દરે કરવામાં આવે છે.
- આ ઉપરાંત લિવર, સ્વાદુપિંડ અને આંતરડાના રોગોનાં ઑપરેશન દૂરબીનની મદદથી સફળતાપૂર્વક કરવામાં આવે છે.
- ડૉ. આનંદ ટાંકે **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલમાં જનરલ અને લેપ્રોસ્કોપિકના ૨૦૦૦થી વધારે સફળ ઑપરેશન કરેલ છે.

## શું તમે નીચેનાં લક્ષણો અનુભવો છો ?

- લાંબા સમયથી મળ દ્વારે લોહી પડવું કે દુખાવો રહેવો. (હરસ-મસા-ભગંદર)
- પેટના નીચેના ભાગમાં ફુગ્ગા જેવી ગાંઠ હોવી. (સારણગાંઠ)
- જમણા ભાગમાં સતત પેટમાં દુખાવો (ઍપેન્ડિક્સ) કે વારંવાર પથરીનો દુખાવો ઊપડવો.



**તો તમારે ડૉક્ટરને બતાવવાની જરૂર છે.**
**તમને પડી શકે છે સર્જનની જરૂરિયાત**

SMVS SWAMINARAYAN HOSPITAL
A Humanitarian Hospital
Follow us :
NABH

SMVS સ્વામિનારાયણ હોસ્પિટલ
SMVS સ્વામિનારાયણ હોસ્પિટલ રોડ, સ્વામિનારાયણ ધામની બાજુમાં, કોબા -ગાંધીનગર હાઇવે, ગાંધીનગર - 382 007.
વધુ માહિતી માટે કોલ કરો : 63 59 77 07 25
info@smvshospital.com
Emergency Help Line : 73 73 73 39 04 / 05 I www.smvshospital.com

# સંસ્થામાં ચાલી રહેલ નૂતન મંદિરોનું નિર્માણકાર્ય

"સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનની ઉપાસના દૃઢ કરી, અનાદિમુક્તની સ્થિતિ પામવી એ જ કારણ સત્સંગ." આ સિદ્ધાંત સૂત્રના પ્રવર્તનને વેગ આપવા માટે સંસ્થા દ્વારા હાલ વિવિધ જગ્યાએ કારણ સત્સંગના નૂતન સત્સંગ કેન્દ્રોનું બાંધકામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. ભવિષ્યમાં અહીં કારણ સત્સંગની વિજયપતાકાઓ લહેરાશે. હજારો મુમુક્ષુઓના મોક્ષનું સદાવ્રત ખુલ્લું મૂકવામાં આવશે અને સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપને ઓળખી તેઓ છતે દેહે મૂર્તિનું એકકાળાવિચ્છિન્ન સુખ માણતા થશે. આવો, શ્રીજીમહારાજ અને ગુરુદેવ પ.પૂ. બાપજીના સંકલ્પો કેવી રીતે સાકાર થઈ રહ્યા છે તેનું છબીદર્શન કરીએ...


મોરબી


રામસૌર (બડા), રાજસ્થાન


રામસૌર (બડા), રાજસ્થાન



પશ્ચાતાપ પાવનકારી ગંગા છે.



દાહોદ



નેરુલ (નવી મુંબઈ)



નેરુલ (નવી મુંબઈ)



હાલોલ



આણંદ





ગુરુદેવ પ.પૂ. બાપજીના પડછંદા આજે પણ કાનોમાં ગુંજે છે કે, 'જોજો તો ખરા, કારણ સત્સંગ વિશ્વવ્યાપી થશે, થશે ને થશે જ. લાખો મુમુક્ષુઓ સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપને જેમ છે તેમ ઓળખી છતે દેહે અનાદિમુક્તની સ્થિતિને પામશે.' મોટાપુરુષના મુખમાંથી નીકળેલાં વચનો ક્યારેય અલેખે ન જાય. સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન, જીવનપ્રાણ અબજીબાપાશ્રી, સમર્થ સદ્‌ગુરુશ્રીઓ તથા ગુરુદેવ પ.પૂ. બાપજીના દિવ્ય આશીર્વાદ અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના સંકલ્પથી અરવલ્લી જિલ્લામાં મોડાસાથી માત્ર ૯ કિ.મી.ના અંતરે સ્પિરિચ્યુઅલ સેન્ટર માટે ૪૦૦થી વધુ વીઘા ભૂમિનું સંપાદન કરવામાં આવ્યું હતું. ગુરુદેવ પ.પૂ. બાપજીના પ્રાગટ્ય દિનના બીજા દિવસે અર્થાત્ તા. ૯-૩-૨૦૨૩ના રોજ સ્પિરિચ્યુઅલ સેન્ટરની નૂતન ભૂમિ પર વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી હરિકૃષ્ણ મહારાજ સંગે સર્વે સંત મંડળ તથા આગેવાન હરિભક્તો સાથે ભૂમિદર્શન સમારોહ અર્થે પધાર્યા હતા.

જેમાં સૌપ્રથમ મહાપૂજાનો કાર્યક્રમ યોજાયો હતો. ત્યારબાદ પૂ. નિર્લેપસ્વામીએ તથા પૂ. રાજીપાસ્વામીએ સંત પ્રવચનનો લાભ આપ્યો હતો. પૂ. નિર્લેપસ્વામીએ એમના સંત પ્રવચનમાં ગુરુદેવ પ.પૂ. બાપજીના મોડાસા પર જણાવેલ આશીર્વાદ કે, 'ભવિષ્યમાં મોડાસા તો મોટું ધામ બનશે.' અને જમીન સંપાદન વખતે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના અંતર્યામીપણાનાં દર્શન થયેલાં તે પ્રસંગોની સ્મૃતિ આપી સૌને મહિમા આકારે કર્યા હતા.

આ સમારોહમાં ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ સ્પિરિચ્યુઅલ સેન્ટરના પ્રચંડ અને ભવ્ય સંકલ્પાશીર્વાદ વહાવતાં જણાવ્યું કે, **"આજનો દિવસ વિશ્વના આધ્યાત્મિક ઇતિહાસનો સુવર્ણ દિવસ છે. આજે મહારાજના ભવ્ય સંકલ્પનો પ્રારંભ થઈ રહ્યો છે. અમને તો મહારાજ બધું દેખાડે છે. આત્મા–પરમાત્માના મિલનનો વિશ્વકક્ષાનો ધર્મધુરંધર ધોરી માર્ગ આજે શરૂ થઈ રહ્યો છે. મહારાજનો અજોડ–unique સંકલ્પ અહીંથી સાકાર થશે. એક–બે નહિ, અનંત અનાદિમુક્ત સંકલ્પ સ્વરૂપો અહીંથી તૈયાર થશે. અહીંથી અનંત મનવારો ભરી ભરીને અનાદિમુક્તોનું સર્જન મહારાજ કરશે.**

**ગમે તેવો કામી, લોભી હશે, આ સંકલ્પ માટે લાયક નહિ હોય તોય પણ આવતાંની સાથે લાયક થઈ જશે.**

**અહીં આવનાર ઘરડાના ઘડપણ જતા રહેશે. જુવાનિયાની જુવાની જતી રહેશે. બાળકોની બાલ્યાવસ્થા જતી રહેશે અર્થાત્ દેહના ભાવો ખરી જશે.**

**એ જ રીતે ભવિષ્યમાં અમેરિકા, કૅનેડામાં પણ આવાં જ ૫૦૦ વીઘાનાં કૅમ્પસ થશે. એસ.એમ.વી.એસ.નો આ સુવર્ણકાળ ચાલી રહ્યો છે. આમાં આજ સુધી નહિ જોયેલું બધું મહારાજ દેખાડશે."**

ત્યારબાદ સૌ મુક્તોને ટ્રેક્ટરમાં બેસી સમગ્ર ભૂમિનું દર્શન કરાવવામાં આવ્યું હતું. અંતમાં સૌ હરિભક્તો ઠાકોરજી જમાડીને છૂટા પડ્યા હતા.



સ્વથી વડી સ્નેહની કડી.

## હરિકૃષ્ણ મહારાજની દિવ્ય મહાપૂજા

ગુરુદેવ પ.પૂ. બાપજીએ જેમ આ લોકનાં દુઃખ દૂર કરવા માટે ગોધરમાં અભિષેકના ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા કરી છે, તેમ પરલોકનાં સુખો માટે, આંતરતંત્રની શુદ્ધિ માટે, મહાપ્રભુનાં અત્યુત્તમ સુખો માણવા માટે તેમજ મહારાજ અને મોટાપુરુષને પ્રિય એવા નિષ્કામપણાને દૃઢ કરવા માટે ગુરુદેવ પ.પૂ. બાપજીએ સ્વામિનારાયણ ધામ અને મહેસાણા મંદિર ખાતે વ્હાલા હરિકૃષ્ણ મહારાજની પૂર્ણ કદની મૂર્તિઓ પધરાવી છે. આ દિવ્ય મૂર્તિની મહિમા અને શ્રદ્ધાએ સહિત મહાપૂજા કરવાથી પરલોક કહેતાં મહાપ્રભુની મૂર્તિનું સુખ પ્રાપ્ત થાય છે. આ મહાપૂજાનો લાભ લેનાર સર્વ ભક્ત સમાજ પર વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીએ દિવ્ય આશીર્વાદ આપ્યા છે કે, **“મહાપૂજાનો નિષ્કામભાવે જે જે મુક્તો લાભ લેશે તેમના અંતરની મલિન વાસનાઓ હરિકૃષ્ણ મહારાજ દૂર કરશે તેમજ તેમને મહાપ્રભુ પોતાના વ્હાલા એવા નિર્વાસનિક ભક્ત કરશે તથા તેમને મહાપ્રભુની મૂર્તિનું અદ્વિતીય સુખ પ્રદાન કરશે.”**

### સર્વાવતારી શ્રી હરિકૃષ્ણ મહારાજની મહાપૂજાનો લાભ
### મહાપૂજાની સેવાના પ્રકાર

| | |
|---|---|
| એક વખત મહાપૂજા | - ૨૫૦ /- |
| દર પૂનમ (વાર્ષિક) | - ૨,૫૦૦ /- |
| દર એકાદશી (વાર્ષિક) | - ૫,૧૦૦ /- |
| દર રવિવાર (વાર્ષિક) | - ૧૧,૦૦૦ /- |
| આજીવન પૂનમ | - ૩૧,૦૦૦ /- |
| આજીવન એકાદશી | - ૫૧,૦૦૦ /- |
| આજીવન રવિવાર | - ૭૫,૦૦૦ /- |
| આજીવન દૈનિક મહાપૂજા | - ૧,૨૫,૦૦૦ /- |



**સ્થળ : સ્વામિનારાયણ ધામ, કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર.**
**સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર, મોઢેરા રોડ, મહેસાણા.**

| | | |
|---|---|---|
| દરરોજ સવારે | : | ૦૮:૩૦ થી ૧૦:૩૦ |
| દર રવિવારે સવારે | : | ૦૮:૩૦ થી ૧૧:૩૦ |
| દર રવિવારે બપોરે | : | ૦૩:૦૦ થી ૦૬:૦૦ |


## SMVS પરિણય




**એસ.એમ.વી.એસ. સંસ્થાના દીકરા-દીકરીઓનાં નિષ્ઠા, નિયમ-ધર્મ સચવાય તેમજ તેઓના સુખી-સંપન્ન દાંપત્ય જીવન માટે એસ.એમ.વી.એસ. સંસ્થા પ્રસ્તુત કરે છે...**



SMVS PRESENTS
SMVS
Parinay

GET IT ON Google Play
Download on the App Store

પ્લે સ્ટોર તેમજ ઍપ સ્ટોર પર નિ:શુલ્ક ઉપલબ્ધ છે.

- લગ્નગ્રંથિથી જોડાવા માટે દેશ અને વિદેશના દીકરા-દીકરીઓની પસંદગી કરવી બનશે હવે વધુ સરળ.
- એસ.એમ.વી.એસ.ના લગ્નોત્સુક દીકરા-દીકરીઓની માહિતી હવે એક જ જગ્યા પરથી મળશે.
- એસ.એમ.વી.એસ.ના સત્સંગી હરિભક્તો જ આ ઍપમાં જોડાઈ શકશે.

**ઍપની વિશેષતા**

**જેમાં આપને મળશે...**

- વ્યક્તિગત માહિતી - ફોટોગ્રાફ
- વ્યવસાયિક માહિતી
- પારિવારિક માહિતી
- પરિચિત સત્સંગીની વિગત

**ઍપના Security ફીચર્સ**

- OTP આધારિત લૉગ ઇન
- SMS દ્વારા કન્ફર્મેશન
- E-mail કન્ફર્મેશન
- કનેક્ટ ફીચર
- નોટિફિકેશન ફીચર
- એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ દીકરા-દીકરીઓની વ્યક્તિગત પ્રોફાઇલ

તો આજે જ આપના દીકરા-દીકરીઓ માટે યોગ્ય સત્સંગી જીવનસાથી પસંદ કરવા ડાઉનલોડ કરો ‘**SMVS પરિણય**’ ઍપ.

**ખાસ નોંધ : આ ઍપ્લિકેશનમાં જોડાવા માટેની રિક્વેસ્ટ (અરજી) કર્યા પછી રિક્વેસ્ટ કરનારને સભ્યપદ આપવાનો અંતિમ નિર્ણય વ્યવસ્થાપકોનો રહેશે.**


મુશ્કેલીનો સામનો કરવો તેનું નામ જિંદગી.

# દિવ્ય સંત દીક્ષા વિધિ સમારોહ









"હાલો જુવાનડા હરિવર વરવા હેલો પડ્યો..."

તા. ૧૮-૩-૨૦૨૩, ફાગણ વદ એકાદશીના રોજ સ્વામિનારાયણ ધામના પરિસરમાં ભાગવતી દીક્ષા સમારોહ ઊજવાયો હતો. આજના દિવ્ય અવસરે પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ, જીવનપ્રાણ અબજીબાપાશ્રી, સમર્થ સદ્‌ગુરુશ્રીઓ, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્ય નિશ્રામાં ચાર પાર્ષદમુક્તોને સંત દીક્ષા આપવામાં આવી હતી. આજના દિને સંત થનાર મુક્તોના વાલીશ્રીઓ તથા કેશોદ, બાયડ, ગોધરા, અમદાવાદ અને ગાંધીનગરના હરિભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પ્રસંગના પ્રારંભે કીર્તનભક્તિની રમઝટ થયા બાદ સર્વે દીક્ષાર્થી મુક્તોએ હરિકૃષ્ણ મહારાજને પ્રાર્થના કરી, સેવા-પૂજા કરી મહારાજને બિરાજમાન કર્યા. ત્યારબાદ યજ્ઞ વિધિનો આરંભ થયો હતો. યજ્ઞ વિધિ બાદ વ્હાલા ગુરુજીએ પ્રાસંગિક લાભ આપી સૌને સુખિયા કર્યા હતા. યજમાનશ્રીઓ દ્વારા ગુરુદેવ તથા ગુરુજીનું પૂજન થયું હતું.









પૂજન વિધિ બાદ ગુરુજીએ દીક્ષાર્થી મુક્તોને ભગવાં વસ્ત્રો અર્પણ કર્યાં હતાં. સાથે તેઓએ દીક્ષાર્થી મુક્તોના નૂતન દિવ્ય નામકરણ વિધિનો લાભ આપ્યો હતો. ગુરુજીએ સર્વે દીક્ષાર્થી મુક્તોને જનોઈ તથા પૂ. ભક્તસ્વામીએ કંઠી ધારણ કરાવી. પૂ. વડીલ સંતોએ ચંદનથી પૂજનનો લાભ લીધો હતો. ત્યારબાદ વ્હાલા ગુરુજીએ દીક્ષાર્થી મુક્તોને ભાગવતી દીક્ષા પ્રસંગે ગદ્ગદભાવે મહાપ્રાર્થના કરાવી ધર્મોપદેશ પાઠવ્યો હતો. ગુરુદેવ પ.પૂ. બાપજીએ પણ દિવ્ય રૂપે વિડિયો દ્વારા આ પ્રસંગે આશીર્વાદ પાઠવ્યા હતા.

આ પ્રસંગે પોતાના વ્હાલસોયા દીકરાઓને શ્રીજીની ભગવી સેનામાં સમર્પણ કરનાર વાલીઓને પ્રભુરાજીપા અર્થે કંઈક સેવા કર્યાનો આનંદ હતો. સંત દીક્ષા લેનાર ચાર પાર્ષદોમાંથી એક પાર્ષદમુક્ત પોતાના પૂર્વાશ્રમના માતાપિતાના એકના એક દીકરા હતા. ધન્યવાદ છે એવા વાલીબંધુઓને ! તેમના ઉપર વ્હાલા ગુરુજીએ ખૂબ રાજીપો વરસાવ્યો હતો.

આમ, સંત દીક્ષા વિધિનો આ કાર્યક્રમ ઉત્સાહ અને આનંદભેર પૂર્ણ થયો હતો. આશરે ૪૦૦ જેટલાં પુરુષ-મહિલા હરિભક્તોએ આ મહાદીક્ષાનાં દર્શનનો લાભ લીધો હતો.

**સંત દીક્ષાર્થી નામાવલિ**

| પાર્ષદમુક્ત | સંત નામાવલિ | પાર્ષદમુક્ત | સંત નામાવલિ |
|---|---|---|---|
| ૧. પૂ. અનુપમભગત | સાધુ રાજેશ્વરદાસજી | ૨. પૂ. સંયમભગત | સાધુ ભગવતપ્રિયદાસજી |
| ૩. પૂ. અપૂર્વભગત | સાધુ સર્વમંગલદાસજી | ૪. પૂ. ઘનશ્યામભગત | સાધુ શાંતસ્વરૂપદાસજી |

ફૂલની ઉપર ધૂળ પડે તો તેની આંતરિક પવિત્રતા દૂર થતી નથી.

**કારણ સત્સંગના દિવ્ય પરિવારના પરમ કૃપાપાત્ર મુક્તો કે જેઓ શ્રીહરિની ઇચ્છાથી મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓની નામાવલિ અત્રે આલેખેલ છે :**

**મૂ.નિ. ચંદુલાલ ભગવાનજી પૂજારા, ઉંમર વર્ષ-૯૦, વિરમગામ; તા. ૧૨-૩-૨૩ :** તેઓ વિરમગામ સેન્ટરમાં પાયાના હરિભક્ત હતા. તેઓ સત્સંગ મંડળમાં મુખ્ય સંચાલક તરીકે પણ સેવા બજાવી ચૂક્યા હતા. સત્સંગમાં નવા આવનાર સૌ કોઈને તેઓ મહિમાસભર વાતો કરી સત્સંગમાં જોડતા. તેઓ ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુજીના રાજીપાપાત્ર હતા. તેઓના સુપુત્રો ભરતભાઈ, ગિરીશભાઈ તથા જનકભાઈ પણ સત્સંગના રંગે રંગાયા છે. એમના સમગ્ર પરિવારમાં સત્સંગનું તથા સમજણનું બળ રહે એવી પ્રાર્થના.



**મૂ.નિ. બચુભાઈ ત્રિભોવનભાઈ પટેલ, ઉંમર વર્ષ-૮૧, વનપરડી; તા. ૨૪-૩-૨૩ :** ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના તેઓ અત્યંત રાજીપાપાત્ર હતા. તેઓ ગુરુદેવ પ.પૂ. બાપજીના રાજીપામાં જ રહેતા. સત્સંગની સેવા પણ ખૂબ ઉત્સાહ અને ઉમંગથી કરતા. આખાય વઢિયાર પંથકમાં તેમજ તેઓના સમાજના બધા ગામોમાં કારણ સત્સંગનો ખૂબ વ્યાપ થાય અને અનંત જીવો મહારાજ અને મોટાપુરુષની કૃપાદૃષ્ટિમાં આવે અને મૂર્તિસુખના ભોક્તા બને તેવો તેમને અતિશય આગ્રહ હતો. આથી તેઓ પોતાના સંગમાં આવનાર અનેકાનેક મુમુક્ષુઓને ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પાસે લઈ જઈ દર્શન-આશીર્વાદ અપાવી, વર્તમાન ધરાવી, કંઠી પહેરાવી સત્સંગમાં જોડતા. તેઓના આ અંગને જોઈ ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પણ તેમના પર અવારનવાર રાજીપો વરસાવી સૌને પ્રેરણા આપતા. પોતાના બંને દીકરાઓને પણ તેઓએ સત્સંગનાં જ પીયૂષ પિવડાવ્યાં હતાં. તેઓના મોટા દીકરા બળવંતભાઈનો સમગ્ર પરિવાર આજે સંસ્થામાં સમર્પિત છે. હાલ તેઓ કેનેડા મંદિરે ઘરધણી થઈને સેવા બજાવી રહ્યા છે. બળવંતભાઈએ એકના એક દીકરાને (પૂ. વિનમ્રસ્વામીને) સંસ્થા માટે સમર્પિત કરેલ છે. એ જ રીતે બળવંતભાઈનાં દીકરી પણ ત્યાગાશ્રમના માર્ગે આગળ વધી સિદ્ધાંતોના પ્રચારની સેવા બજાવી રહ્યાં છે. વળી, નાના દીકરા કીર્તિભાઈ તરફથી પણ સંસ્થાને પૂ. હરિવદનસ્વામીની ભેટ મળેલ છે.



અંત સમયે પૂ. સંતોએ તેમની નનામીને કાંધ આપી હતી. તેમના બંને દીકરા તથા સમગ્ર પરિવાર આજીવન મહારાજ અને મોટાપુરુષને રાજી કરતા રહે એવું બળ આપજો.

**મૂ.નિ. નવનીતભાઈ રામલાલભાઈ બારોટ, ઉંમર વર્ષ-૬૭, મુંબઈ; તા. ૩૦-૩-૨૩ :** મુંબઈ સેન્ટરના ઘરધણી આગેવાન મુક્ત મૂ.નિ. શ્રી નવનીતભાઈ બારોટ હરિનવમીના પવિત્ર દિવસે મૂર્તિના સુખે સુખિયા થયા છે. આપણી સંસ્થાના મુંબઈ સેન્ટરના પાયાની પ્રથમ ઈંટ બની મહારાજ અને મોટાપુરુષની મરજીમાં રહી અતિ મહિમાસભર હૈયે તન, મન, ધનથી ખૂબ સેવા કરી મોટાપુરુષ ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના અંતરનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો.



ઈ.સ. ૧૯૯૫ના બાપાશ્રી મહોત્સવથી મૂ.નિ. જી.ડી. બારોટ દ્વારા આપણી સંસ્થામાં તેમના મોટા ભાઈ મહેન્દ્રભાઈ બારોટ સાથે તેઓ સપરિવાર જોડાયા. જ્યારથી ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી મળ્યા અને કારણ સત્સંગ ઓળખાયો ત્યારથી તેમને કારણ સત્સંગ વધુ ને વધુ વ્યાપે એવો આગ્રહ ખૂબ જ રહેતો એટલે મુંબઈ ખાતે અવારનવાર ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને વિચરણ કરવા પ્રાર્થના કરતા. નાના-મોટા ઉત્સવ-સમૈયા પણ સ્વખર્ચે કરાવતા. એમના સંપર્કમાં આવનારને કારણ સત્સંગમાં જોડવાનો એમનો આગ્રહ સત્સંગની શરૂઆતથી તે છેક છેલ્લા શ્વાસ સુધી એકસરખો જ રહ્યો છે. મુંબઈ બોરીવલી વિસ્તારના અગ્રગણ્ય રાજકીય વ્યક્તિઓને અને બોરીવલીના સંસદ સભ્ય શ્રી ગોપાલભાઈ શેટ્ટીને પણ મોટાપુરુષનાં દર્શન, સમાગમ અને આશીર્વાદનો લાભ અપાવ્યો હતો. મુંબઈ સેન્ટરના સત્સંગ વિકાસ માટે પાયાની પ્રથમ ઈંટ બની આર્થિક



જેમ રાત તારા દેખાડે છે, તેમ દુઃખ આપણને સત્ય દેખાડે છે.

સેવાઓ પણ ખૂબ કરી છે અને ઘસારો પણ ઘણો વેઠ્યો છે. મહારાજ, બાપાશ્રી, ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના ચરણોમાં પ્રાર્થના કે તેમના પરિવારના સભ્યો ઉપર ખૂબ ખૂબ રાજીપો વરસાવે.

**મૂ.નિ. નેભાભાઈ ગોવાભાઈ વરુ, ઉંમર વર્ષ-૫૪, વડોદરા; તા. ૧-૩-૨૩**

**મૂ.નિ. શૈલેષભાઈ રણછોડભાઈ પટેલ, ઉંમર વર્ષ-૬૨, ઘોડાસર; તા. ૨-૩-૨૩**

**મૂ.નિ. ગોરધનભાઈ ઈશ્વરભાઈ પટેલ, ઉંમર વર્ષ-૯૪, વડોદરા; તા. ૧૭-૩-૨૩**

**મૂ.નિ. બાબુલાલ મગનભાઈ બોરાણિયા, ઉંમર વર્ષ-૭૪, ઇસનપુર ; તા. ૧૮-૩-૨૩**

**મૂ.નિ. સુરેશભાઈ અમૃતભાઈ પટેલ, ઉંમર વર્ષ-૩૪, નરોડા; તા. ૧૮-૩-૨૩**

**મૂ.નિ. મહેન્દ્રકુમાર શાંતિલાલ ઠક્કર, ઉંમર વર્ષ - ૫૪, ઈસનપુર; તા. ૨૮-૩-૨૩**

આ મુક્તોએ ઘરધણી થઈ તન, મન અને ધનથી સંસ્થાને વફાદાર રહીને મમત્વભાવે સેવાઓ કરી છે અને ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો રાજીપો મેળવેલ છે. શ્રીજીમહારાજ, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના ચરણોમાં પ્રાર્થના કે તેમના ચૈતન્યને મૂર્તિના અવિચળ સુખભોક્તા કરે.

## સત્સંગ પરીક્ષા - ૨૦૨૩

**વ્હાલા ગુરુજીને રાજી કરવા ચાલો, આપીએ સત્સંગ પરીક્ષા**

**પરીક્ષા માધ્યમ : દેશમાં ઑફલાઇન અને વિદેશમાં ઑનલાઇન**

| પરીક્ષા | અભ્યાસક્રમ | ગુણ | સમય |
|---|---|---|---|
| બાળ સત્સંગ પરીક્ષા | **મારા મહારાજ, મારા ગુરુજી**<br>બાળકો માટે સંસ્થા દ્વારા પ્રકાશિત નૂતન પુસ્તિકા | ૪૦ ગુણ | ૦૧:૦૦ કલાક |
| કિશોર-યુવા સત્સંગ પરીક્ષા | ૧. જ્ઞાનમાર્ગ પેમ્ફલેટ (૨૫%)<br>૨. ઘનશ્યામ અંક (જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ-એપ્રિલ) (૫૦%)<br>૩. નૂતન દૈનિક પ્રાર્થના (સાત પદ) મુખપાઠ અને તેના આધારે મૌલિકતાના PLલક્ષી પ્રશ્નો (૨૫%) | ૧૦૦ ગુણ<br>(MCQ ૫૦ ગુણ) | ૦૨:૩૦ કલાક |

- **પરીક્ષાની લાયકાત :**


૧. ૧૫ વર્ષ સુધીના બાળકોએ બાળ સત્સંગ પરીક્ષા આપવાની રહેશે.

૨. ૧૫ વર્ષથી ઉપરના મુક્તોએ કિશોર–યુવા સત્સંગ પરીક્ષા આપવાની રહેશે.

- **પરીક્ષા અંગેની અગત્યની સૂચનાઓ :**

- બાળ સત્સંગ પરીક્ષા તા. ૧૬–૭–૨૦૨૩, રવિવારના રોજ બાળ મંડળમાં બાળસભાના સમયમાં લેવાશે.
- કિશોર–યુવા સત્સંગ પરીક્ષા તા. ૨૩–૭–૨૦૨૩, રવિવારના રોજ બપોરે ૨:૦૦થી ૪:૩૦ દરમ્યાન પરીક્ષા કેન્દ્ર પર લેવાશે.
- સત્સંગ પરીક્ષા દરેક વિભાગમાં લેખિતમાં રહેશે. જેના ઉત્તરો પ્રશ્નપત્રમાં જ લખવાના રહેશે.
- કિશોર–યુવા પરીક્ષાના ફૉર્મ સંસ્થાના દરેક સેન્ટર તથા દિગ્વિજય મંડળની સભાઓમાં તા. ૧૧–૬–૨૦૨૩, રવિવાર સુધીમાં ભરાવવાનાં રહેશે.





● **મુખ્ય આકર્ષણો :**

**૧. નીલકંઠ દર્શન :** ભગવાન શ્રી સ્વામિનારાયણનું વન વિચરણ જે નીલકંઠ વર્ણી રૂપે થયું તેના અલગ અલગ પ્રસંગ-દર્શન તથા વાસ્તવિક ગુફાનો અનુભવ નીલકંઠ વર્ણી સંગે.

**૨. હોરર હાઉસ : (યમપુરીની યમયાતનાની ભયાનકતા સંદર્ભે)**
જીવ માયાના મોહમાં ઘેલો થઈ કાળના પ્રવાહમાં વહી જે જે પાપકર્મ કરે છે તેનાં પરિણામ દેહત્યાગ બાદ શું ભોગવવાં પડે છે ? કેવાં ભોગવવાં પડે છે ? અને તેમાંથી છૂટ્યાનો શો ઉપાય છે ? તે દર્શાવતો અદ્ભુત હૉરર શો.

**૩. 5D શો :** પ્રસ્તુત ફિલ્મમાં આવતી તમામ ઈફેક્ટની લાઈવ અનુભૂતિઓ (સ્નોફોલ, સોપ બબલ્સ, સીટ મૂવમૅન્ટ, સીટ વાઈબ્રેશન જેવી અનેક ઈફેક્ટોનો વાસ્તવિક અનુભવ).

સાથે સાથે ભુલભુલૈયા' - એક અનોખી મિરરની દુનિયા, ઘનશ્યામ દર્શન લાઈવ એન્ડ સાઉન્ડ શો, ઝૂલતો પુલ, હિંડોળે ઝૂલતા હરિકૃષ્ણ મહારાજ, દિવ્ય દર્શન તથા વિવિધ ઈલેક્ટ્રોનિક્સ માધ્યમોનો લાભ. તો આવો, અવનવીન લાભ લેવાની અનેરી તક રખે ચૂકતા...

**સમય : દરરોજ બપોરે ૨થી રાત્રે ૭ વાગ્યા સુધી**

**'ઘનશ્યામ' એટલે...**

- **શ્રેષ્ઠ સંગ... શ્રેષ્ઠ મિત્ર... શ્રેષ્ઠ માર્ગદર્શક...**
- **જીવનધ્યેયનું સ્પષ્ટીકરણ આપનાર.**
- **શ્રીજીમહારાજના રહસ્યજ્ઞાનનો ખજાનો.**
- **વ્યવહારિક અને આધ્યાત્મિક પ્રશ્નોનો ઉકેલ આપનાર.**
- **દિવ્યજીવનના રાહ પર લઈ જતું, ચલાવતું અને દોડાવતું.**

**ઘનશ્યામ MP3 Audio**
ઘનશ્યામ સામયિકના તમામ લેખો ઓડિયો સ્વરૂપે શ્રવણ કરવા મળશે.
www.smvs.org/Audio

**ઘનશ્યામ PDF**
ઘનશ્યામ સામયિક PDF સ્વરૂપે વાંચવા મળશે.
www.smvs.org/Download

**ઘનશ્યામ Jukebox**
ઘનશ્યામ સામયિકના તમામ લેખો હવે youtube પર માણવા મળશે.
www.youtube.com/smvs

**તો આવો, ઘનશ્યામ સામયિકને વાંચન અને શ્રવણ કરી આપણા આધ્યાત્મિક ક્ષેત્રને નવો આયામ આપીએ...**

ઘનશ્યામ સામયિક MP3 Audio, Jukebox તથા PDF સ્વરૂપે www.smvs.org વેબસાઇટ ઉપર દર માસે વાચકો માટે નિઃશુલ્ક ઉપલબ્ધ છે...

આપ પણ ઘનશ્યામ સામયિક વાંચવા અને સાંભળવા smvs.org વેબસાઇટની મુલાકાત લેશો અને લેવડાવશો...



ક્ષણમાં જીવે એ માનવી, ક્ષણને જિવાડે તે સત્પુરુષ.

## www.smvs.org વેબસાઇટનો દૈનિક લાભ લેનારા હરિભક્તો માટે...

**આજના ફાસ્ટ યુગમાં સમયની ઓછપને ધ્યાનમાં લઈ**
**એસ.એમ.વી.એસ. રજૂ કરે છે ગાગરમાં સાગર સમાન...**

# 5 min Satsang



- **શું આપને સત્સંગના બળનો અભાવ વર્તતો હોય તેવું લાગે છે ?**
- **શું આપને ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની કથાનો લાભ લેવો છે ?**

**આપની બધી જ મૂંઝવણો અને પ્રશ્નોનું નિરાકરણ હવે મળશે માત્ર પાંચ જ મિનિટના સત્સંગમાં...**

માત્ર પાંચ જ મિનિટના સત્સંગમાં આપ પામશો...
સત્સંગનું જ્ઞાન, ઉપાસના, મહિમા અને દિવ્યજીવનના ગુણો તેમજ સંસ્કાર અને સાંસારિક પ્રશ્નોનું સમાધાન.
તો આવો, આજે જ **www.smvs.org** વેબસાઇટમાં વિઝિટ (ક્લિક) કરો 5 minute Satsang.

## www.smvs.org
**સંસ્થાની મુખ્ય વેબસાઇટ**

એસ.એમ.વી.એસ. પ્રસ્તુત કરે છે...
www.smvs.org ઉપરથી આપને મળશે...



- **Event** : વિવિધ ઉત્સવો તેમજ કાર્યક્રમોનો દૃશ્ય-શ્રાવ્ય લાભ
- **Darshan** : દેશ-પરદેશનાં જુદાં જુદાં મંદિરોનાં નિત્ય મૂર્તિદર્શન
- **Publication** : વિવિધ પ્રકાશનોની માહિતી
- **Download** : ઓડિયો, વિડિયો, બુક્સ, મેગેઝિન, વૉલપેપર ફ્રી ડાઉનલોડ
- **Essay** : જીવનઉપયોગી વિષયો ઉપરના નિબંધ
- **Video** : કથાવાર્તા, ઉત્સવ, મહોત્સવના વિડિયો
- **Audio** : ઘનશ્યામ ઓડિયો મેગેઝિન

**Vicharan** : ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનું સત્સંગ વિચરણ

ઉત્સવો-મહોત્સવોનો **live webcast** દ્વારા **online** લાભ

## www.anadimukta.org

YouTube smvs video channel

- મહારાજ અને મોટાપુરુષનાં જીવનચરિત્રો અનેક મુમુક્ષુઓ માટે ઉપદેશરૂપ છે.
- વર્તમાનકાળે મળેલા મોટાપુરુષના દિવ્ય કલ્યાણકારી ગુણોનું દર્શન એટલે તેમના દિવ્ય પ્રસંગો.
- મળેલા સત્પુરુષ સંગે દિવ્યાનુભૂતિ એટલે અનેક સંતો-ભક્તોના તેમની સાથેના દિવ્ય અનુભવો.
- ઘરે બેઠા આ સર્વે લાભ આપણને મળે અને મહારાજ તથા મોટાપુરુષ દિવ્ય રૂપે આપણી ભેળા રહી આપણને દિવ્યજીવનનું માર્ગદર્શન આપી રહ્યા છે તેવો દિવ્ય અનુભવ કરવા માટે આવો, આજે જ લાભ લઈએ...



### સંસ્થાની અન્ય મહત્ત્વની વેબસાઇટો

www.smvscharities.org • www.hdhbapji.org
www.tirthdham.org • www.smvshospital.com

દરેક વેબસાઈટમાં નવા Updating નિહાળવા ક્લિક કરો : **Updates**

### કારણ સત્સંગના વિશ્વવ્યાપી પ્રવર્તન કાજે

# વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ



## વિવિધ સેન્ટરોમાં વ્હાલા ગુરુજીએ દર્શન-આશીર્વાદ દ્વારા વહાવેલી અભયદાનની અનેરી સરવાણી...

**તા. ૧૮-૨-૨૩**ના રોજ **વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**એ ઝોનલ શિબિર દરમ્યાન **ઘનશ્યામનગર** ખાતે અંગત શિબિરમાં ૮૭૨થી વધુ ઘરના હરિભક્તોને લાભ આપી બળિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**એ **ઘનશ્યામનગર, નરોડા** તથા **નિકોલ** સેન્ટરની ઝોનલ શિબિર દરમ્યાન **નરોડા** ખાતે સાયંકાળે બાળ સંમેલનમાં દિવ્યવાણીનો લાભ આપી બાળમુક્તોને રાજી કર્યા હતા. આ પ્રસંગે ૧૧૨૧થી પણ વધુ બાળમુક્તોએ ઉપસ્થિત રહી ધન્યતા અનુભવી હતી. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **નરોડા** ખાતે ઝોનલ શિબિર ઉપક્રમે રાત્રિ સેશનમાં યુવા સંમેલન દરમ્યાન ૨૨૮૧થી પણ વધુ યુવાનોને 'દયા-કરુણા' વિષય ઉપર કૃપાવાણીનો લાભ આપી કૃતાર્થ કર્યા હતા.

**તા. ૧૯-૨-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **નરોડા** ખાતે પ્રાતઃ સેશનમાં ઝોનલ શિબિર ઉપક્રમે અંગત શિબિર દરમ્યાન ૮૮૯થી વધુ AYP, પ્રિ-મુમુક્ષુ તથા ઘરના સભ્યોને અંગત લાભ આપી સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **નરોડા** ખાતે રાત્રિ સેશન દરમ્યાન યુવા સંમેલનમાં 'પ્રામાણિકતા' વિષય ઉપર બળપ્રેરક સુધાવાણીનો લાભ આપી ૩૮૩૩થી પણ વધુ મુક્તોને બળિયા કર્યા હતા.

**તા. ૨૦-૨-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **નરોડા** ખાતે પ્રાતઃ સેશનમાં ૧૨ હરિભક્તોના ગૃહે પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપી સર્વેના મનોરથ પૂર્ણ કર્યા હતાઈ આજરોજ **વ્હાલા**

**ગુરુજી**એ સાયંકાળે **ઘનશ્યામનગર** ખાતે પધરામણી તથા પરિવાર સભામાં લાભ આપી સૌને સુખિયા કર્યા હતા. તેમજ **વ્હાલા ગુરુજી**એ **ઘનશ્યામનગર** ખાતે ઝોનલ શિબિર ઉપક્રમે રાત્રિ સેશનમાં કિશોર સંમેલન દરમ્યાન ૪૪૭થી પણ વધુ કિશોરોને બળપ્રેરક અમૃતવાણીનો લાભ આપી ધન્ય કર્યા હતા.

**તા. ૨૨-૨-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ઊંઝા** ખાતે સાયંકાળે ૫ હરિભક્તોના ગૃહે પધરામણીનો લાભ આપી તેમના કોડ પૂરા કર્યા હતાઈ આજરોજ **વ્હાલા ગુરુજી**એ **ઊંઝા** ખાતે રાત્રિ સેશનમાં જાહેર સભા દરમ્યાન ૧૭૦૦થી પણ વધુ હરિભક્તોને દિવ્યવાણીનો લાભ આપી કૃતાર્થ કર્યા હતા.

**તા. ૨૪-૨-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સૌરાષ્ટ્ર** વિચરણ દરમ્યાન **રાજકોટ** ખાતે પ્રાતઃ સેશનમાં હરિકૃષ્ણ મહારાજ સંગે ૭ હરિભક્તોના ગૃહે પધરામણી કરી તથા ૧ રસોઈનો લાભ આપી સર્વે મુક્તોના કાલાવાલા સ્વીકાર્યા હતા.

**તા. ૨૫-૨-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **રાજકોટ** ખાતે ઝોનલ શિબિર દરમ્યાન પ્રાતઃ સેશનમાં અંગત શિબિર દરમ્યાન AYP તથા પ્રિ-મુમુક્ષુના ૨૮૫થી પણ વધુ સભ્યોને અંગત લાભ આપી રાજીપાના માર્ગે આગળ વધાર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **રાજકોટ** ખાતે સાયંકાળે ૧૦ હરિભક્તોના ગૃહે પધરામણીનો લાભ આપી સર્વેને રાજી કર્યા હતા. તેમજ **વ્હાલા ગુરુજી**એ રાત્રિ સેશન દરમ્યાન યુવા સંમેલનમાં 'દયા-કરુણા' વિષય ઉપર બળપ્રેરક કરુણાવાણીનો લાભ આપી ૫૧૦થી પણ વધુ યુવાનોને સાચો રાહ ચીંધ્યો હતો.

**તા. ૨૬-૨-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **રાજકોટ** ખાતે ઝોનલ શિબિર ઉપક્રમે પ્રાતઃ સેશનમાં અંગત શિબિર દરમ્યાન ૪૫૦થી પણ વધુ ઘરધણી મુક્તોને અંગત લાભ આપી બળિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **રાજકોટ** ખાતે સાયંકાળે બાળ-કિશોર સંમેલનમાં આગવી શૈલીમાં લાભ આપી ૨૦૦થી પણ વધુ બાળ-કિશોરોને રાજી કર્યા હતા. તેમજ **વ્હાલા ગુરુજી**એ રાત્રિ સેશન દરમ્યાન યુવા સંમેલનમાં **રાજકોટ** ખાતે 'પ્રામાણિકતા' વિષય ઉપર લાભ આપી ૧૨૦૦થી પણ વધુ યુવાનોને સાચી દિશા બતાવી હતી.

**તા. ૨૮-૨-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ** ખાતે ગુરુકુલ ડે અંતર્ગત ગુરુકુલના બાળમુક્તોને વિશેષ લાભ આપી રાજીપો વરસાવ્યો હતો.

**તા. ૧-૩-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ રાત્રિ સેશનમાં **કલોલ** ખાતે જાહેર સભામાં 'મંદિરનું મહત્ત્વ' વિષય ઉપર લાભ આપી ૨૦૦૦થી પણ વધુ યુવાનોને સાચો રાહ બતાવ્યો હતો.

**તા. ૫-૩-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સેશનમાં **વિજાપુર** ખાતે ઝોનલ શિબિર ઉપક્રમે અંગત શિબિર દરમ્યાન ૪૪૨થી પણ વધુ મુક્તોને સુધાવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **વિજાપુર** ખાતે સાયંકાળે ઝોનલ શિબિર ઉપક્રમે કિશોર સંમેલનમાં કૃપાવાણીનો લાભ આપી ૪૫૯થી પણ વધુ કિશોરોને બળિયા કર્યા હતા. તેમજ **વ્હાલા ગુરુજી**એ રાત્રિ સેશન દરમ્યાન યુવા સંમેલનમાં 'પ્રામાણિકતા' વિષય ઉપર અનુભવાત્મક અમૃતવાણીનો લાભ આપી ૨૩૪૦થી પણ વધુ યુવાનોને નવી દિશા બતાવી હતી.

**તા. ૬-૩-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વિજાપુર** ખાતે પ્રાતઃ સેશનમાં ૭ પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપી હરિભક્તોના મનોરથ પૂરા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **ગોવિંદપુરા (વિજાપુર)** ખાતે સાયંકાળે ૪ હરિભક્તોના ગૃહે પધરામણીનો લાભ આપી પ્રેમીભક્તોને રાજી કર્યા હતા. તેમજ **વ્હાલા ગુરુજી**એ રાત્રિ સેશનમાં **વિજાપુર** ખાતે યુવા સંમેલન દરમ્યાન 'દયા-કરુણા' વિષય ઉપર બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી ૧૫૭૫થી પણ વધુ યુવાનોને જાગૃત કર્યા હતા.

**તા. ૧૧-૩-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ગોધર** ખાતે ઝોનલ શિબિર ઉપક્રમે રાત્રિ સેશન દરમ્યાન યુવા સંમેલનમાં 'દયા-કરુણા' વિષય ઉપર અનુભવાત્મક કૃપાવાણીનો લાભ આપી ૧૨૦૦થી પણ વધુ યુવાનોને પ્રેરિત કર્યા હતા.

**તા. ૧૨-૩-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સેશનમાં **ગોધર** ખાતે ગ્રામ્ય વિસ્તારમાં ૧૦ હરિભક્તોના ગૃહે પધરામણીનો લાભ આપી સર્વેના સાંસાગોટિલા સ્વીકાર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **ગોધર** ખાતે ઝોનલ શિબિર ઉપક્રમે પ્રથમ સેશનમાં યુવા સંમેલન દરમ્યાન 'પ્રામાણિકતા' વિષય ઉપર લાભ આપી ૧૮૦૦થી પણ વધુ યુવાનોને નવી દિશા બતાવી હતી. તેમજ **વ્હાલા ગુરુજી**એ દ્વિતીય સેશનમાં કિશોર સંમેલનમાં ૨૫૦થી પણ વધુ કિશોરોને કરુણાવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા. તેમજ રાત્રિ સેશન દરમ્યાન ૬૦૦થી પણ વધુ ઘરધણી મુક્તોને અંગત લાભ આપી રાજીપાના માર્ગે આગળ વધાર્યા હતા.

**તા. ૧૩-૩-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ગોધર** ખાતે પ્રાતઃ સેશનમાં ગ્રામ્ય વિસ્તારમાં ૧૦ તેમજ દ્વિતીય સેશનમાં ૬ હરિભક્તોના ગૃહે પધરામણીનો લાભ આપી સર્વેને રાજી કર્યા હતા. તેમજ રાત્રિ સેશનમાં **મઠ (ગોધર)** ખાતે જાહેર સભામાં 'મંદિર તથા દર્શનનું મહત્ત્વ' વિષય ઉપર દિવ્યવાણીનો લાભ

આપી ભક્તોને સુખિયા કર્યા હતા. આ પ્રસંગે ૨૨૦૦થી પણ વધુ હરિભક્તોએ ઉપસ્થિત રહી દર્શન-આશીર્વાદનો લાભ લીધો હતો.

**તા. ૧૬-૩-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સેક્ટર-૬ (ગાંધીનગર)** ખાતે સાયંકાળે પંચમ વાર્ષિક પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત સર્વે હરિભક્તોને દિવ્યવાણીનો લાભ આપી કૃતાર્થ કર્યા હતા. આ પ્રસંગે ૮૫૦થી પણ વધુ હરિભક્તોએ ઉપસ્થિત રહી દર્શન-આશીર્વાદનો લાભ લીધો હતો.

**તા. ૧૯-૩-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સુરેન્દ્રનગર** ખાતે પ્રથમ સેશનમાં ઝોનલ શિબિર ઉપક્રમે અંગત શિબિર દરમ્યાન ૪૫૦થી વધુ ઘરધણી મુક્તોને અંગત લાભ આપી બળિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **સુરેન્દ્રનગર** ખાતે ઝોનલ શિબિર ઉપક્રમે દ્વિતીય સેશન દરમ્યાન કિશોર સંમેલનમાં ૩૫૦થી પણ વધુ કિશોરોને બળપ્રેરક સુધાવાર્તાનો લાભ આપી ધન્ય કર્યા હતા. તેમજ રાત્રિ સેશન દરમ્યાન **ગુરુજી**એ યુવા સંમેલનમાં 'પ્રામાણિકતા' વિષય ઉપર અમૃતવાણીનો લાભ આપી ૧૨૦૦થી પણ વધુ યુવાનોને સાચો રાહ બતાવ્યો હતો.

**તા. ૨૦-૩-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સુરેન્દ્રનગર** ખાતે ઝોનલ શિબિર ઉપક્રમે પ્રાતઃ સેશનમાં અંગત શિબિર દરમ્યાન દિવ્યવાણીનો લાભ આપી ૬૦૦થી પણ વધુ ઘરધણી મુક્તોને કૃતાર્થ કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **સુરેન્દ્રનગર** ખાતે દ્વિતીય સેશનમાં શહેર વિસ્તારમાં ૭ પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપી સર્વેના મનોરથ પૂરા કર્યા હતા. તેમજ રાત્રિ સેશન દરમ્યાન યુવા સંમેલનમાં 'દયા-કરુણા' વિષય ઉપર અનુભવાત્મક કરુણાવાણીનો લાભ આપી ૧૨૦૦થી પણ વધુ યુવાનોને નવી દિશા ચીંધી હતી.

**તા. ૨૧-૩-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સુરેન્દ્રનગર** ખાતે પ્રાતઃ સેશનમાં પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત સર્વે હરિભક્તોને દિવ્યવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા. આ પ્રસંગે ૧૩૦ જેટલા હરિભક્તો દર્શન-આશીર્વાદનો લાભ લઈ છૂટા પડ્યા હતા.

**તા. ૨૪-૩-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **પંચમહાલ** ઝોનમાં **દૂધિયા (લીમખેડા)** ખાતે પ્રાતઃ સેશનમાં ૪ પધરામણી, રસોઈ તેમજ જાહેર સભામાં કૃપાવાણીનો લાભ આપી સૌને સુખિયા કર્યા હતા. આ પ્રસંગે ૪૦૦થી પણ વધુ હરિભક્તો **ગુરુજી**નાં દર્શન-આશીર્વાદ લઈ ધન્ય થયા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ દ્વિતીય સેશનમાં **નાન સલાઈ (ઝાલોદ)** ખાતે ૪ તથા **દાહોદ** ખાતે ૧ પધરામણીનો લાભ આપી હરિભક્તોને રાજી કર્યા હતા. તેમજ **વ્હાલા ગુરુજી**એ **દાહોદ** ખાતે રાત્રિ સેશન દરમ્યાન યુવા સંમેલનમાં 'પ્રામાણિકતા' વિષય ઉપર બળપ્રેરક સુધાવાણીનો લાભ આપી ૧૩૦૦થી પણ વધુ યુવાનોને બળિયા કર્યા હતા.

## 'કરુણા પ્રસાદ' વિતરણ



ગુરુદેવ પ.પૂ. બાપજીના ૯૧મા પ્રાગટ્ય પર્વે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ એસ.એમ.વી.એસ. સંસ્થાના હેડ સેન્ટર તથા અન્ય સેન્ટરોમાં સેવા આપતા સર્વે ઘરધણી મુક્તો કહેતાં સ્ટાફમુક્તો માટે રૂપિયા ૫૧ લાખની કરુણા પ્રસાદ રાશિ જાહેર કરી હતી. આ અન્વયે તા. ૨૦ એપ્રિલ, ૨૦૨૩ના રોજ આ 'કરુણા પ્રસાદ' સંસ્થાના એચ.આર. વિભાગ દ્વારા સેવા આપતા સર્વે સ્ટાફ મુક્તોને અર્પણ કરવામાં આવ્યો હતો.

## પાર્ષદ દીક્ષા વિધિ



તા. ૧૬-૩-૨૦૨૩, ફાગણ વદ નોમના રોજ સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે સાંજે ૪થી ૬ દરમ્યાન ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્ય નિશ્રામાં પાર્ષદ દીક્ષા વિધિ સમારોહ યોજવામાં આવ્યો હતો.

જેમાં આજરોજ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી દ્વારા સમર્પિત મુક્ત ઘનશ્યામભાઈને પાર્ષદ દીક્ષા આપવામાં આવી હતી. જેમાં ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી દ્વારા તેઓનું નૂતન નામ પૂ. ઘનશ્યામ ભગત આપવામાં આવ્યું.



(૧-૨) વિજાપુર ખાતે સત્સંગ વિચરણ (૩) કલોલ ખાતે જાહેર સભામાં લાભ (૪-૬) લુણાવાડા ખાતે શિલાન્યાસ વિધિ તથા ગોધર ખાતે ઝોનલ વિચરણ (૭-૮) સે. ૬ ગાંધીનગર ખાતે પાટોત્સવમાં દિવ્ય લાભ આપતા વ્હાલા ગુરુજી

**Ghanshyam, May-2023. Published on 10-05-2023. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/ 2021-23, Valid up to 31-12-2023. Regd No. G-GNR-315/ 2021-23, Extended up to 31-12-2023. RNI No. 33267/78.**

Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha (SMVS) and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.


૧



૨


૩



૪


૫


૬



૭


૮



(૧-૬) સુરેન્દ્રનગર તથા ગોધરા ખાતે અનુક્રમે ઝોનલ સત્સંગ વિચરણ (૭-૮) ઘાટલોડિયા ખાતે પાટોત્સવ તથા ગુરુદેવ પ.પૂ. બાપજીની મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે દિવ્ય લાભ આપતા વ્હાલા ગુરુજી